RNI No. GUJGUJ/2009/30906
RNI TITLE CODE NO. GUJGUJ12914

# રાજકોટ મિરર

RAJKOT MIRROR DAILY MORNING NEWS PAPER

Year : 15 Issue : 127 Dt. 30-11-2025 Page : 08 Price : Rs 3




Editor : PRATIPALSINH NARENDRASINH JADEJA, Publisher, Printer & Owner : YASHPALSINH JAYCHANDRASINH JADEJA
Place of Publication and Printing : 201-SAGAR APPARTMENT, C-WING, OPP. SHREEJI HOTEL, NEAR MILESTONE APPARTMENT, ROYAL PARK STREET NO. 10, KALAWAD ROAD, RAJKOT

### ગુજરાત-મહારાષ્ટ્રમાં DGGIનું મેગા ઓપરેશન

# ૮૦૦ કરોડનું બોગસ બિલિંગ કૌભાંડ

## જૂનાગઢ-જામનગરના માસ્ટર માઈન્ડની ધરપકડ : નકલી દસ્તાવેજો સાથે બોગસ કંપનીઓ મળી આવી




રાજકોટ, તા. ૨૯

છેલ્લા ઘણા સમયથી સેન્ટ્રલ એન્જસીઓ દ્વારા તપાસનો ધમધમાટ તેજ કરવામાં આવ્યો છે. જેમાં આવક વેરા વિભાગમાં થતી ગેરરીતીઓ, જીએસટી ચોરી સહિત બોગસ બિલિંગ કૌભાંડો ઝડપવામાં આવી રહ્યા છે. જેમાંથી કરોડો રૂપિયાની આવક હાલ સરકારને થઇ રહી છે. ત્યારે ગઇકાલે ગુજરાત તથા મહારાષ્ટ્રમાં ડિરેક્ટોરેટ જનરલ ઓફ જીએસટી ઇન્ટેલિજન્સે ૮૦૦ કરોડનું બોગસ બિલિંગ કૌભાંડ ઝડપી પાડ્યું છે. હા આ કાર્યવાહીથી બોગસ બિલિંગ સાથે જોડાયેલા વેપારીઓની કમ્મર ડીજીજીઆઇએ તોડી નાખી છે. હાલ આ અંગે અનેકવિધ ખુલાસાઓ થશે તેમાં કોઇ શંકાને સ્થાન નથી. પરંતું, જાણકાર વર્તુળના જણાવ્યા અનુસાર, વેપારીઓ દ્વારા ગેરકાયદેસર ઇનપુટ ટેક્સ ક્રેડિટ મેળવીને સમગ્ર કૌભાંડ આચર્યું છે.

ગુજરાત તથા મહારાષ્ટ્ર સહિત અનેક શહેરોમાં ડીજીજીઆઇએ મેગા ઓપરેશન હાથ ધર્યુ. જેમાં ૮૦૦ કરોડના બોગસ બિલિંગ કૌભાંડનો પર્દાફાશ થયો છે. આ કર ચોરીના કિસ્સામાં બદ્રે આલમ પઠાણ તથા તૌફિક ખાનની સાથો સાથ જૂનાગઢના હાર્દિક રાવલ અને જામનગરના જયદીપ સહિત ચાર ભેજાબાજોની ધરપકડ કરવામાં આવી છે. તપાસ દરમિયાન તેમની પાસેથી નકલી દસ્તાવેજો અને અનેક બેનામી એટલે કે, સેલ કંપનીઓ મળી આવી. જેમાં આ તમામ આરોપીઓએ ૮૦૦ કરોડના બોગસ બિલો ઊભા કર્યા હતા અને સરકારને આર્થિક નુકસાની પહોંચાડવાનું કારસ્તાન આચર્યુ હતું. આ તમામ બાબતોની ગંભીરતાને ધ્યાને લઇ જીએસટીની ઇન્ટેલિજન્સ ટીમ દ્વારા ચોક્કસ બાતમીના આધારે વિવિધ સ્થળો પર દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં ગુજરાત અને મહારાષ્ટ્ર કનેક્શન ખુલ્યું હતું.

હાલ આગામી દિવસોમાં આ તપાસમાં અનેક રોચક અને વિસ્ફોટક માહિતીઓ બહાર આવશે તેમાં કોઇ શંકાને સ્થાન નથી અને હજુ પણ અનેક આરોપીઓને ધરપકડ થાય તેવી પ્રબળ સંભાવનાઓ જોવાઇ રહી છે. હાલ સરકારનો લક્ષ્ય અને હેતુ એ જ છે કે આ પ્રકારના આરોપીઓ ઉપર કાયદાનો દંડો પછાડવામાં આવે. પરિણામ સ્વરૂપે હાલ તમામ સેન્ટ્રલ એજન્સીઓ દ્વારા ઝૂંબેશ સ્વરૂપે તપાસનો ધમધમાટ હાથ ધરવામાં આવ્યો છે.



# ન્યાયાધીશો માટે મનોરંજક પ્રવૃત્તિ જરૂરી

નવીદિલ્હી , તા. ૨૯

ભારતના મુખ્ય ન્યાયાધીશ (CJI) ન્યાયાધીશ સૂર્ય કાંતે શનિવારે કહ્યું હતું કે ન્યાયાધીશોના કામના કલાકો લાંબા અને અત્યંત તણાવપૂર્ણ હોય છે. તેથી, તેમણે તેમના વિરામ દરમિયાન પોતાને ઉર્જાવાન રાખવા માટે મનોરંજક પ્રવૃત્તિઓમાં ભાગ લેવો જોઈએ. ઓલ ઈન્ડિયા જજીસ બેડમિન્ટન ચેમ્પિયનશિપના ઉદ્દઘાટન સમારોહમાં બોલતા, CJIએ કહ્યું હતું કે ન્યાયાધીશોએ તેમની ઉંમરને અનુરૂપ મનોરંજક પ્રવૃત્તિઓમાં ભાગ લેવો જોઈએ. ‘‘ન્યાયાધીશોના કામના કલાકો લાંબા હોય છે અને તેમનું કામ ખૂબ જ તણાવપૂર્ણ હોય છે, જેમાં લાંબા સમય સુધી બેસવાનો સમય હોય છે. બધા ન્યાયાધીશોએ કેટલીક મનોરંજક પ્રવૃત્તિમાં ભાગ લેવો જોઈએ અને તેને આદત બનાવવી જોઈએ. તેમને પોતાને તાજગી આપવા માટે મનોરંજનની જરૂર છે,‘‘ CJI કાંતે કહ્યું. ‘‘આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં હાઈકોર્ટના ન્યાયાધીશો ભાગ લઈ રહ્યા છે.

આ દર્શાવે છે કે તેઓ તેમના સ્વાસ્થ્ય અને સુખાકારી પ્રત્યે સભાન છે.‘‘ આ કાર્યક્રમમાં કાયદા મંત્રી અર્જુન રામ મેઘવાલ, કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુ અને સુપ્રીમ કોર્ટના ન્યાયાધીશો હાજર રહ્યા હતા. બે દિવસીય ચેમ્પિયનશિપ અહીંના ત્યાગરાજ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે યોજાઈ હતી. રવિવારે સમાપન અને ઈનામ વિતરણ સમારોહની અધ્યક્ષતા ભૂતપૂર્વ મુખ્ય ન્યાયાધીશ બી.આર. ગવઈ અને ન્યાયાધીશ વિક્રમ નાથ કરશે. આ કાર્યક્રમનું આયોજન ભૂતપૂર્વ આંતરરાષ્ટ્રીય બેડમિન્ટન ખેલાડી અવંતિકા દ્વારા કરવામાં આવ્યું છે.

# આતંકીઓના ૭૨ લોન્ચપેડ હટાવાયા

## ઓપરેશન સિંદુરનો ભય હજુ યથાવત : BSFની સરહદ પર કડક દેખરેખ

નવીદિલ્હી, તા. ૨૯

પાકિસ્તાનમાં ઓપરેશન સિંદૂરનો ભય હજુ ઓછો થયો નથી. પાકિસ્તાન ભારત દ્વારા લાદવામાં આવેલા ઘાને ભૂલી શક્યું નથી. ઓપરેશન સિંદૂરના આ ડરને કારણે જ પાકિસ્તાને ભારતની સરહદ પરથી ૭૨ આતંકવાદી લોન્ચપેડ ખસેડ્યા છે. આ માહિતી BSF દ્વારા આપવામાં આવી હતી. BSF અનુસાર, પાકિસ્તાને આ આતંકવાદી કેમ્પોને સરહદની અંદર ખસેડ્યા છે. એ નોંધવું જોઈએ કે ઓપરેશન સિંદૂર દરમિયાન, BSFએ સરહદ પર આમાંના ઘણા આતંકવાદી લોન્ચપેડનો નાશ કર્યો હતો. ઇજાઋ ના એક વરિષ્ઠ અધિકારીએ શનિવારે જણાવ્યું હતું કે જો સરકાર સરહદ પારની કાર્યવાહી ફરી શરૂ કરવાનો નિર્ણય લે છે, તો દળ દુશ્મનને વધુ નુકસાન પહોંચાડવા માટે તૈયાર



છે. ઓપરેશન સિંદૂર દરમિયાન, BSFએ સરહદ પર ઘણા પાકિસ્તાની આતંકવાદી લોન્ચપેડનો નાશ કર્યો. તે પછી જ, પાકિસ્તાની સરકારે આ આતંકવાદી લોન્ચપેડને વધુ આંતરિક વિસ્તારોમાં ખસેડ્યા છે.

BSF અનુસાર, અમારી સેનાએ હંમેશા સરહદ પર કડક દેખરેખ રાખી છે. છેલ્લા કેટલાક મહિનામાં, અમે સરહદ પર અમારી પેટ્રોલિંગમાં વધારો કર્યો છે. BSFના એક અધિકારીના જણાવ્યા મુજબ, સરહદી વિસ્તારો અને નજીકના વિસ્તારોમાં લોન્ચપેડની સંખ્યા અને તેમાં રહેતા આતંકવાદીઓની સંખ્યા સમય જતાં બદલાતી રહે છે. ‘‘અમે દિવસ-રાત નજીકથી નજર રાખીએ છીએ કે કોઈ આતંકવાદી અમારા ક્ષેત્રમાં પ્રવેશ ન કરે,‘‘ તેમણે કહ્યું. BSFએ અગાઉ આવા અનેક ઓપરેશન હાથ ધર્યા છે અને અસંખ્ય આતંકવાદીઓને ખતમ કર્યા છે. જો સરકાર સરહદ પારની કામગીરી ફરી શરૂ કરવાનો નિર્ણય લે છે, તો ડર દુશ્મનને ભારે નુકસાન પહોંચાડવા માટે તૈયાર છે. જો કે, તેમણે ઉમેર્યું કે ૭-૧૦ મે દરમિયાન ચાર દિવસની અથડામણ પછી ઇજાઋ લશ્કરી કાર્યવાહી પર પ્રતિબંધનું પાલન કરી રહ્યું છે. BSF ના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે ઓપરેશન સિંદૂર દરમિયાન, BSF એ સરહદ પર ઘણા આતંકવાદી લોન્ચપેડનો નાશ કર્યો. ત્યારબાદ, પાકિસ્તાન સરકારે આવા તમામ સ્થળોને ડેપ્થ ઝોનમાં ખસેડ્યા. લગભગ ૧૨ લોન્ચપેડ સિયાલકોટ અને ઝફરવાલના ડેપ્થ ઝોનમાંથી કાર્યરત છે, જે ખરેખર સરહદ પર નથી.

### શક્તિસિંહ ગોહિલે રાજયસભામાં ચર્ચા માટે આપી નોટીસ

# પાક નુકસાનીનો મુદ્દો ગાજશે

રાજકોટ, તા. ૨૯

સંસદનું શીતકાલીન સત્ર ૧ ડિસેમ્બરથી શરૂ થઈ રહ્યું છે. ત્યારે ગુજરાતમાં થયેલા કમોસમી વરસાદનો મુદ્દો સંસદમાં ગુંજશે. રાજ્યસભાના સાંસદ શક્તિસિંહ ગોહિલે શૂન્યકાળમાં ચર્ચા માટે નોટિસ આપી છે. ૧ ડિસેમ્બરથી શરૂ થતાં સત્રમાં ચર્ચા કરવાની નોટિસ આપી છે. તાજેતરમાં આવેલા કમોસમી વરસાદથી ખેડૂતોને તૈયાર થયેલો પાક સંપૂર્ણપણે પાકનો નાશ થયો હતો. ગુજરાત સરકારનું રાહત પેકેજ માત્ર બે હેક્ટર માટે જાહેર કરાયું, અને તે પણ અનેક શરતો સાથે. ત્યારે ગુજરાતમાં ફસલ વીમા યોજના તાત્કાલિક શરૂ કરવાની માંગ કરાઈ છે. રાજ્યના ખેડૂતોને નુકસાનીનું સંપૂર્ણ વળતર આપવામાં આવે તેવી માંગ કરાઈ છે.

ગુજરાતમાં થયેલા કમોસમી વરસાદનો મુદ્દો હવે સંસદમાં ગુજશે.



રાજયસભાના સાંસદ શક્તિસિહ ગોહિલે શુન્યકાળમાં ચર્ચા માટે નોટિસ આપી છે. ૧ ડિસેમ્બરથી શરૂ થતા સત્રમાં ચર્ચા કરવા નોટિસ આપી છે. નોટિસમાં ગુજરાતમાં કમોસમી વરસાદથી થયેલ સ્થિતિનો ઉલ્લેખ કરાયો છે. નોટિસમાં જણાવાયું કે, ગુજરાતમાં દિવાળી દરમિયાન સતત બેમોસમી વરસાદ પડતો રહ્યો અને તેના કારણે ખેડૂતોની તૈયાર થયેલી સંપૂર્ણ પાક ખૂબ જ ખરાબ રીતે નાશ પામ્યો હતો. તો બીજી તરફ, ગુજરાતમાં પ્રધાનમંત્રી ફસલ વીમા યોજના બંધ કરી દેવામાં આવી છે અને એ જ કારણે ખેડૂતો પાસે પોતાના પાકનો કોઈ પણ વીમો નહોતો. મોટા પાયે ખર્ચ કર્યા પછી જ્યારે પાક તૈયાર થયો હતો એ જ વખતે બેમોસમ સતત વરસાદ પડવાથી સંપૂર્ણ પાક નાશ પામ્યો. જેના કારણે ગુજરાતમાં ખેડૂતો આત્મહત્યા કરી રહ્યા છે.

ગુજરાત સરકારે જે રાહત પેકેજ જાહેર કર્યું છે તે પર્યાપ્ત નથી અને માત્ર બે હેક્ટરમાં તે પણ અનેક શરતો સાથે જાહેર કરવામાં આવ્યું છે, જેના કારણે ખેડૂતોને યોગ્ય લાભ મળી રહ્યો નથી. આથી, કેન્દ્ર સરકાર પાસેથી અનુરોધ છે કે ગુજરાતમાં ફસલ બીમા યોજના તાત્કાલિક શરૂ કરવામાં આવે. આફતને કારણે ભારે નુકસાન વેઠી રહેલા ગુજરાતના ખેડૂતોને સંપૂર્ણ વળતર આપવામાં આવે.

# દૈનિક ૮૦૦ ટન કચરાનો થશે નિકાલ

## રાજકોટ મનપાનું રૂ.૧૯.૫૪ કરોડનું ટેન્ડર પ્રસિદ્ધ : લીગસી વેસ્ટ માટેની કામગીરી દોઢ મહિના બાદ શરૂ

રાજકોટ, તા. ૨૯

રાજકોટ મહાનગરપાલિકા દ્વારા નાકરાવાડીમાં ઠલવાતા દૈનિક ૮૦૦ ટન કચરાને અલગ અલગ વર્ગીકૃત કરીને તેને પ્રોસેસ કરીને અલગ અલગ ઉપયોગમાં લેવા માટે રૂ. ૧૯.૫૪ કરોડનું ટેન્ડર બહાર પાડયું છે. આવી જ રીતે લીગસી વેસ્ટ માટેની કામગીરી દોઢ મહિના બાદ શરૂ કરવામાં આવશે. અદાણી કંપની સાથે નાકરાવાડીના કચરામાંથી કમ્પ્રેશ બાયો ગેસ માટે થયેલા એમઓયુ અંતર્ગત કંપની દ્વારા નાકરાવાડીનો પ્રાથમિક સર્વે પુરો કરી દેવામાં આવ્યો છે. મહાનગરપાલિકા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગના અધિકારીઓના જણાવ્યા મુજબ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા ડોર ટુ ડોર કલેક્શન દ્વારા એકત્ર કરાતો કચરો નાકરાવાડી ડમ્પિંગ સાઈટમાં ઠાલવવામાં આવે છે .

શહેરભરમાંથી એકત્ર થતો આ કચરો હાલમાં સાડાસાત લાખ ટન થી વધુ છે આ ઘન કચરાના નિકાલના અભાવે રાજકોટ મહાનગરપાલિકા દરવર્ષે સ્વચ્છતા સર્વેક્ષણમાં પછડાટ ખાઈ રહ્યું છે. તો નાકરાવાડીના ગ્રામજનોની પ્રદુષણ સંબંધિત ફરિયાદને કારણે નેશનલ ગ્રીન ટ્રિબ્યુનલે મહાનગરપાલિકાને લાંબા સમયથી રૂ.૨૨ કરોડનો દંડ ફટકાર્યો છે. ત્યારે હવે રાજકોટની સ્વચ્છતાની જવાબદારી જેના પર છે તેવા સોલિડ વેસ્ટ મેનેજમેન્ટ વિભાગ દ્વારા સઘન પ્રયાસો શરૂ કરવામાં આવ્યા છે. આ માટે લીગસી વેસ્ટ માટે આગામી ૪૫ દિવસમાં કામ શરૂ થવાનું છે ત્યારે હવે રાજકોટના ૧૮ વોર્ડમાંથી ડોર ટુ ડોર ગાર્બેજ કલેક્શનમાં દરરોજના અંદાજે ૭૦૦ થી ૮૦૦ ટન ઘન કચરાનો રોજેરોજ પ્રોસેસ કરીને નિકાલ કરવા માટે રૂપિયા ૧૯.૫૪ કરોડનું ટેન્ડર પ્રસિધ્ધ કર્યું છે. આ કામ અંતર્ગત એજન્સીઓ સાથે એક વર્ષ તેર મહિનાનો કોન્ટ્રાક્ટ કરાશે. એજન્સીઓએ નાકારાવાડી ખાતે રોજેરોજ ઠલવાતા કચરાને અલગ અલગ ઉપયોગ મુજબ વર્ગિકૃત કરીને તેનો નિકાલ કરવાનો રહેશે.



### અદાણીએ કમ્પ્રેસ બાયોગેસ પ્લાન્ટ માટે સર્વે શરૂ કર્યો

બીજી તરફ મહાનગરપાલિકા દ્વારા તત્કાલિન કમિશનર આનંદ પટેલના કાર્યકાળમાં નાકરાવાડી ડમ્પિંગ સાઇટમાં એકત્ર થયેલા કચરામાંથી કમ્પ્રેસ બાયોગેસ પ્લાન્ટ કરવા માટે અદાણી કંપની સાથે કરાર કરવામાં આવ્યો હતો. આ કરાર મુજબ અદાણીએ કચરામાંથી બાયોગેસ ઉત્પન કરવા કચરાનો નિકાલ કરી દેશે અને મહાનગરપાલિકાને દર મહિને રૂ. ૮,૩૭,૬૦૦ની રોયલ્ટી આપશે. એક વર્ષ બાદ હવે અદાણી કંપનીએ પણ નાકરાવાડી ડમ્પિંગ સાઇટ પર પ્લાન્ટ બનાવવા માટે સર્વે શરૂ કરી દીધો છે.

### ૪૫ દિવસમાં કામ શરૂ કરશે

મહાનગરપાલિકા દ્વારા નાકરાવાડીમાં પડેલા લાંબા સમયથી ડમ્પ થયેલા કચરાનો નિકાલ કરવા માટે પ્રસિદ્ધ કરાયેલા ટેન્ડરમાં એજન્સીને કામ સુપરત કરી દેવાયું છે. આ એજન્સી દ્વારા જરૂરી મિકેનિકલ અને ટેકનિકલ પ્રોસેસ પુરી કરીને દોઢ મહિનામાં કચરાનો લાંબા સમયથી પડેલા કચરાનો નિકાલ કરશે. ઉલ્લેખનીય છે કે, નાકરાવાડીમાં લાંબા સમયથી અંદાજે સાડાસાત લાખ ટન કચરો જમા થયેલો છે. તેની પ્રોસેસ કરીને નિકાલ કરવા કંપની સાથે પ્રતિ ટન રૂપિયા ૪૮૭નો કરાર કરાયો છે.

### સ્ટેચ્યુ ઓફ યુનિટી સંકુલમાં રાજકોટના યુવાનનું અદભૂત સર્જન

# બોન્સાઈ વન આકર્ષક

## નિષ્ણાંતોના સહકારથી ૩૪ ઈંચના બોન્સાઈ વૃક્ષનો આહલદ લ્હાવો









રાજકોટ, તા. ૨૯

રાજકોટના યુવાને સરદાર વલ્લભભાઈ પટેલની વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા આવેલી છે તેવા સ્ટેચ્યુ ઓફ યુનિટી સંકુલમાં સાડાત્રણ એકરમાં અદભૂત અને અનોખું બોન્સાઈ વન બનાવ્યું છે. સાડાત્રણ એકરમાં ફેલાયેલા આ બોન્સાઈવનમાં ૧૧૫૦ જેટલાં અલગ અલગ પ્રજાતીના અને અલગ અલગ ઉંચાઈના વામન વૃક્ષો છે. ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાન મોદીએ ૩૧ ઓક્ટોબર ૨૦૨૪ના રોજ આ બોન્સાઈ વનનું ભૂમિ પુજન કર્યું હતું અને આ વર્ષે ૩૧ ઓક્ટોબરે તેઓએ આ બોન્સાઈવનનું લોકાર્પણ કરીને તેને 'વામન વૃક્ષ વાટિકા'નું નામ પણ આપ્યું છે. રાજકોટના આર્કિટેક્ટ યુવાનને આ વામન વૃક્ષ વાટિકામાં અલગ અલગ પ્રજાતિના બોન્સાઈ વૃક્ષ નિષ્ણાંતોનો સહકાર મળ્યો છે.

રાજકોટના યુવાન આર્કિટેક્ટ રિશીન મિત્રાએ સ્ટેચ્યુ ઓફ યુનિટી ખાતે સાડાત્રણ એકરમાં બનાવેલા અને વડાપ્રધાન મોદીએ જેને વામન વૃક્ષ વાટિકા નામ આપ્યું છે તેવા આ બોન્સાઈ વનમાં આયુર્વેદથી માંડીને અલગ અલગ પ્રજાતિના ૧૧૫૦થી વધુ વામન વૃક્ષો છે. રિશીન મિત્રાના કહેવા મુજબ, આપણાં ઋષિમુનીઓ જ્યારે વન વિહાર કરીને એક સ્થળેથી બીજા સ્થળે જતાં ત્યારે નાની કદના વૃક્ષો સાથે લઈ જતાં હતા. આ રીતે તેઓ પર્યાવરણની જાળવણીનો સંદેશ આપતા હતા. ઋષિમુનીઓ દ્વારા નાનાં કદના વૃક્ષો પસંદ કરીને બીજા સ્થળે તેનું રોપણ કરવાના ઉદ્દેશ પરથી આ બોન્સાઈ વૃક્ષનો કન્સેપ્ટ પ્રચલિત થયો છે. ભારત સહિત દેશભરમાં અત્યારે આવા બોન્સાઈ વૃક્ષોનું ચલણ વધતું જાય છે.

આવા બોન્સાઈ વૃક્ષો ઘર ઓફિસના દિવાનખંડ, વેઈટિંગ એરિયાની શોભા બની રહ્યા છે.ત્યારે લોકોને એક જ સ્થળે અલગ અલગ પ્રજાતિના વામન કદના વૃક્ષો જોવા મળે તેમાટે અલગ જ વન ઉભું કરવા માટે વિચાર આવ્યો અને આ વિચારને મુર્તિમંત સ્વરૂપ આપવા લાંબો સમય મહેનત કરીને બોન્સાઈ એક્સપર્ટનો સંપર્ક કર્યો. અલગ અલગ દેશોની મુલાકાત લઈને આવા દેશોમાં પ્રચલિત બોન્સાઈ વૃક્ષો વિશે જાણકારી મેળવી અને આખરે, સરકારના સહયોગથી સ્ટેચ્યુ ઓફ યુનિટી એકતા નર્સરી પાસે બોન્સાઈ વન બનાવવા માટે સાડાત્રણ એકરની જગ્યાની મંજૂરી મળતા બોન્સાઈ વનનો પ્રોજેક્ટ આગળ વધ્યો.

બોન્સાઈ વૃક્ષોની જડ નાની અને નાજૂક હોય છે. તેને જો પાણી ન મળે તો તે નિર્જીવ થઈ જાય છે. આ મુળિયા કે જડ સાચવવાની માટી પણ અલગ પ્રકારની હોય છે. આવા વૃક્ષોને પાણીની જરૂરિયાત રહેતી હોવાથી સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં જ્યાં પાણીના ઝરણાં છે તેવો વિસ્તાર પસંદ કરવામાં આવ્યો. અને નિષ્ણાંતોની મદદથી આ સ્થળે સૌથી નાના એવા છ ઈંચથી માંડીને ૩૬ ઈંચ સુધીના બોન્સાઈ વૃક્ષનું રોપણ કરવામાં આવ્યું. વૃક્ષોની કાયમી જાળવણી રાખવા આ વિસ્તારની મહિલાઓને ખાસ તાલિમ પણ આપવામાં આવી રહી છે. અને તેઓ ભવિષ્યમાં બોન્સાઈ વૃક્ષનું વાવેતર અને વેંચાણ કરી શકે તે માટે તેઓને માર્ગદર્શન પણ નિષ્ણાંતો દ્વારા આપવામાં આવે છે .

વડાપ્રધાન મોદીએ આ બોન્સાઈ વનનું ભૂમિપુજન કર્યા બાદ રૂ. ૧૮.૬૮ કરોડમાં ૧૩,૮૮૫ સ્કવેર મીટરમાં બનેલા આ બોન્સાઈ વનનું આ વર્ષે સરદાર પટેલ જયંતિ ૩૧ ઓક્ટોબરે વડાપ્રધાન મોદીએ તેનું લોકાર્પણ કર્યું હતું. વડાપ્રધાન ઉપરાંત મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને રાજયના અન્ય નેતાઓએ તેની મુલાકાત લીધી છે. આ વામન વૃક્ષ વાટિકામાં મામે તરીકે ઓળખાતા છ ઈંચથી નાના, ૬ ઈંચથી ૧૨ ઈંચના સોહિન, ૧૨ થી ૧૮ ઈંચના કીહુશો, ૧૮થી ૨૪ ઈંચના ચૂ તરીકે ઓળખાતા બોન્સાઈ, અને સૌથી વધુ ૨૪થી ૩૬ ઈંચની ઉંચાઈ ધરાવતા ડાય નામના બોન્સાઈ વૃક્ષોનો સમાવેશ કરવામાં આવ્યો છે.

### જાપાનમાં ૧૫૦ વર્ષ જુનું બોન્સાઈ પણ છે

સૌથી સારા બોન્સાઈ તાઈવાન અને જાપાનમાં જોવા મળે છે. દેશના અનેક બોન્સાઈ નિષણાંતો બોન્સાઈ વિશે ખાસ અભ્યાસ અને રીસર્ચ કરે છે. અને આ માટે તેઓ તાઈવાન અને જાપાન જાય છે. દુનિયાભરમાં સૌથી જુના બોન્સાઈ જાપાનમાં છે. અહીં ૧૫૦ વર્ષનું આયુષ્યવાળા બોન્સાઈ પણ જોવા મળે છે. આ જ પ્રકારના બોન્સાઈ રાજકોટના યુવાન આર્કિટકટ રીશીન મિત્રાએ હવે સ્ટેચ્યુ ઓફ યુનિટીમાં તૈયાર કર્યા છે. જે સહેલાણીઓ માટે આકર્ષણનું કેન્દ્ર બની ગયા છે.



# સરકારની દારૂબંધી નીતિ બે મોઢાળી : શંકરસિંહ

## દારૂબંધી-પટ્ટા ઉતારવા મુદ્દે બાપુના એક ઘા ને બે કટકા

રાજકોટ, તા. ૨૯

રાજયના ભૂતપૂર્વ મુખ્યમંત્રી શંકરસિંહ વાઘેલાએ દારૂબંધી પર કડક શાબ્દિક પ્રહારો કર્યા છે જેમાં તેઓએ કહ્યું કે હાલ સરકાર બેધારી નીતિ અપનાવી રહી છે ખરા અર્થમાં દારૂબંધી જો હોય તો તેનો અમલ ચુસ્તપણે થવો જોઈએ. વધુમાં તેઓએ સરકાર ઉપર આકરા પ્રહારો કરતાં કહ્યું હતું કે ગાંધીના ગુજરાતમાં દારૂબંધી ત્યારે ખરા અર્થમાં રાષ્ટ્રપિતાનું નામ જે રીતે વટાવવામાં આવી રહ્યું છે તે અક્ષમ્ય છે. વધુમાં તેઓએ ઉદાહરણ આપતા કહ્યું કે ગુજરાતના પાડોશી રાજ્યોમાં દારૂબંધી નથી અને ત્યાં પણ ગાંધીજીનું માન સન્માન જળવાય છે તો તે સ્થાન ઉપર દારૂબંધી નહીં અને ગુજરાતમાં દારૂબંધી આ વિરોધાભાસ ના કારણે જે અંકુશ લાદવામાં આવવો જોઈએ તે જોવા મળતો નથી. સાથોસાથ તેઓએ આક્ષેપ કરતા કહ્યું હતું કે જો ભાજપમાં સહેજ પણ તાકાત હોય તો દારૂબંધીની કડક અમલવાડી કરાવી જોઈએ.

હા એ વાત સાચી છે કે દારૂ વેચાણથી સરકારને ઘણી આવક થાય છે પરંતુ તે આવકની સામે આજનું યુવાધન જે નરકમાં ગરમ થઈ રહ્યું છે તે વિષયને સરકારે ગંભીરતાથી લેવો જોઈએ અને તેના પર આકરા પગલા લેવામાં આવે અને દારૂબંધીની કડક અમલવારી થાય તે ખૂબ જરૂરી છે. સાથો સાથ તેઓએ જણાવ્યું કે દારૂબંધીમાં અનેક કરોડપતિઓ બની ગયા છે તો સામે હજારો લોકો ખોટો દારૂ પીને મૃત્યુને ભેટ્યા છે આ તમામ સ્થિતિઓને ગંભીરતાથી સમજી સરકારે યોગ્ય નિર્ણય અને કડક અમલવારી કરાવી જોઈએ. ત્યારે તેઓએ જણાવ્યું હતું કે હાલ પોલીસની જવાબદારી પણ એટલી જ મહત્વની છે કારણ કે તેમની રહેમરાહ હોય તો જ આ દુષણ છેવાડા સુધી પહોંચે. બીજી તરફ હાલ જીગ્નેશ મેવાણી દ્વારા પોલીસ અધિકારીના પટ્ટા ઉતારવાની જે ટિપ્પણી કરી હતી તે અંગે પણ શંકરસિંહ વાઘેલાએ કહ્યું કે એ કોઈની તાકાત નથી કારણ કે પોલીસ અધિકારી લોકોના રક્ષક છે સરકારી કર્મચારીઓ છે. સાથો સાથ તેઓએ કહ્યું કે કોઈ એક અધિકારીની ભૂલના પગલે અન્ય તમામને સાંભળવાનું આવે તે યોગ્ય નથી. બીજી તરફ તેઓએ તાકીદ કરી હતી કે કોઈપણ રાજકીય લોકોએ સરકારી અધિકારી કે કર્મચારીઓને છનછેડવા ન જોઈએ. અંતમાં શંકરસિંહ વાઘેલાએ હળવા અંદાજમાં કહ્યું હતું કે પટ્ટા ઉતારવા હોય તો પહેલા એ કક્ષાએ પહોંચવું પડે.

# ગામડાઓનો વિકાસ વેગવંતો

## ૧૫માં નાણા પંચના ૭૪૧ કરોડના બીજા હપ્તાની ફાળવણી : ૪૫,૦૦૦ વિકાસ કામો ધરાશે હાથ



રાજકોટ, તા. ૨૯

રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકારનો લક્ષ્ય એ જ છે કે દરેક શહેરો તથા મહાનગરો પૂર્ણતઃ વિકસિત થાય સાથોસાથ ગ્રામ્ય સંસ્કૃતિ અને ગામડાઓનો પણ વિકાસ થતો રહે તે માટે રાજ્ય સરકાર અને કેન્દ્ર સરકાર સંયુક્ત રીતે આર્થિક સહાય પણ કરી રહ્યા છે ત્યારે ગામડાઓનો વિકાસ વેગવંતો બને અને રૂરલ ઇકોનોમી વધુ સુદ્રઢ થાય તે માટેના પગલાંઓ લેવામાં આવી રહ્યા છે જેના ભાગરૂપે ૧૫માં નાણાપંચ હેઠળ ૭૪૧ કરોડનો બીજો હપ્તો સરકારે ચૂકવી દીધો છે અને ૪૫,૦૦૦ વિકાસ કામો આ સંદર્ભે હાથ ધરાશે જેનાથી ગામડાઓનો વિકાસ શક્ય બનશે.

રાજ્યના ગ્રામિણ વિસ્તારોમાં વસતા નાગરિકોને પાયાની અને આવશ્યક સેવાઓ સતત અને સરળતાથી પ્રાપ્ત થતી રહે તે સુનિશ્ચિત કરવા માટે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શન હેઠળની ગુજરાત સરકાર દ્વારા એક મહત્ત્વપૂર્ણ નિર્ણય કરવામાં આવ્યો છે. રાજ્ય સરકારે ૧૫મા નાણાપંચની ભલામણો મુજબ બીજા હપ્તા હેઠળ પંચાયતી રાજ સંસ્થાઓને કુલ રૂ.૭૪૧.૯૦ કરોડની માતબર રકમની ફાળવણી કરી છે.

પંચાયત મંત્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે એમ, ૧૫માં નાણાપંચ હેઠળ આ વ્યાપક ફાળવણીનો મુખ્ય હેતુ રાજ્યના ગ્રામીણ માળખાને વધુ મજબૂત બનાવવાનો અને ગ્રામીણ નાગરિકોના જીવનધોરણમાં સુધારો લાવવાનો છે. આ કુલ ફાળવણીને પંચાયતી રાજના ત્રણેય સ્તરો વચ્ચે રેશિયો મુજબ વહેંચવામાં આવી છે. આ વહેંચણી મુજબ ગ્રામ પંચાયતોને ૭૦ ટકા લેખે રૂ. ૫૧૯.૩૩ કરોડ, તાલુકા પંચાયતોને ૨૦ ટકા લેખે રૂ. ૧૪૮.૩૮ કરોડ તથા જિલ્લા પંચાયતોને ૧૦ ટકા લેખે રૂ. ૭૪.૧૯ કરોડ ફાળવવામાં આવ્યા છે, તેમ મંત્રીએ ઉમેર્યું હતું. પંચાયત મંત્રીએ વધુમાં જણાવ્યું હતું કે, આ ફાળવણીના આધારે સમગ્ર રાજ્યના ગ્રામીણ વિસ્તારોમાં આશરે ૪૫,૦૦૦થી વધુ વિકાસ કામો હાથ ધરવામાં આવશે. આ કામોમાં પીવાના પાણીની સુવિધાઓ, સ્વચ્છતાના કાર્યોનો સમાવેશ કરવામાં આવશે.

મંત્રીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર ગ્રામીણ વિસ્તારોના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નશીલ છે અને રાજ્યના ગ્રામીણ વિસ્તારના નાગરિકો સુધી જીવનજરૂરી તમામ સુવિધાઓ પહોંચાડવા માટે સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે. આ ભંડોળનો અસરકારક ઉપયોગ પંચાયતો દ્વારા થાય અને ગ્રામિણ સ્તરે સંતુલિત વિકાસ થાય તે દિશામાં સરકાર કામ કરી રહી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ૧૫મા નાણાપંચ અંતર્ગત ગ્રામીણ વિકાસ માટે છેલ્લા એક વ ર્ષદરમિયાન કુલ રૂ. ૨,૬૧૯ કરોડ જેટલી માતબર રકમની ફાળવણી કરવામાં આવી છે. જેમાં ટાઇડ ગ્રાન્ટના પ્રથમ હપ્તા પેટે રૂ. ૮૨૯.૫૦ કરોડ અને દ્વિતીય હપ્તા પેટે રૂ.૭૪૧.૯૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. તેવી જ રીતે, અનટાઇડ ગ્રાન્ટના પ્રથમ હપ્તા પેટે રૂ. ૫૫૩ કરોડ અને દ્વિતીય હપ્તા પેટે રૂ. ૪૯૪.૬૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. રાજ્ય સરકારના આ પગલાથી ગ્રામ્ય સ્તરે નાણાકીય સશક્તિકરણ વધશે અને વિકાસ કાર્યોને વધુ ગતિ મળશે.

# ભૂગર્ભજળ-પાણી સુરક્ષા વ્યવસ્થાપન અંગે મંત્રણા

## દિલ્હી ખાતે વિઝન ફોર સુજલામ ભારત-૨૦૨૫ અંતર્ગત યોજાઈ સમિટ

રાજકોટ, તા. ૨૯

નવી દિલ્હીના ભારત મંડપમ ખાતે કેન્દ્રીય જળ શક્તિ મંત્રી સી.આર.પાટીલની ઉપસ્થિતિમાં 'વિઝન ફોર સુજલામ ભારત-૨૦૨૫' વિભાગીય સમિટનું આયોજન કરવામાં આવ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ મુખ્ય સચિવઓની ચોથી રાષ્ટ્રીય પરિષદ દરમિયાન રજૂ કરેલા વિઝન અંતર્ગત આ સમીટનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સમિટમાં પીવાના પાણીની સુરક્ષા, સ્વચ્છતા, ભૂગર્ભજળ વ્યવસ્થાપન, સિંચાઇ કાર્યક્ષમતા સહિતના મુદ્દાઓ પર વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ સમિટનો ઉદ્દેશ્ય કેન્દ્ર અને રાજ્ય સરકારના અધિકારીઓ સાથે જુનિયર કેડરની પણ વ્યાપક ભાગીદારી સુનિશ્ચિત કરવાનો હતો.

'વિઝન ફોર સુજલામ ભારત-૨૦૨૫' સમિટમાં ગુજરાતના પ્રતિનિધિ સ્વચ્છ ભારત મિશન-ગ્રામીણના મિશન ડાયરેક્ટર શ્રી બી.એમ.પ્રજાપતિએ પ્રેઝેન્ટેશન રજૂ કર્યું હતું. આ દરમિયાન તેમણે ગ્રે વોટર મેનેજમેન્ટ માટેના રાજ્યના આગવા 'વેડંચા મોડેલ'નો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે, ગુજરાતમાં ૧૭ હજારથી વધુ ગામડાઓ છે, જ્યાં ગ્રે વોટર મેનેજમેન્ટ એક મોટો પડકાર છે. જેનો ઉકેલ લાવવા માટે રાજ્ય સરકાર દ્વારા માત્ર રૂ. ૬.૫ લાખના ખર્ચે 'વેડંચા મોડેલ' બનાવવામાં આવ્યું છે. આ મોડેલ કુદરતી રીતે જ વેસ્ટ પાણીને શુદ્ધ કરે છે અને રિયુઝ, રિસાયકલ તથા રિચાર્જનો કન્સેપ્ટને ખરા અર્થમાં સાર્થક કરે છે. શુદ્ધ કરાયેલા આ પાણીનો કૃષિમાં પણ ઉપયોગ કરી શકાય છે તેમજ તેમાંથી ઉત્પન થતાં સ્લરીનાં ઉપયોગથી સેન્દ્રીય ખાતર પણ બનાવી શકાય છે, જે રેવન્યુ પણ જનરેટ કરે છે.

વધુમાં, ડાયરેક્ટરે ઉમેર્યું હતું કે, હાલમાં



રાજ્યના ૧૫૯ ગામડામાં આ મોડેલને કાર્યરત કરવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી રહી છે. આ ઉપરાંત જે ગામોને અન્ય કોઈ મોડેલ અપનાવવું હોય તો તે માટે બીજા મોડેલ પણ બનાવવામાં આવી રહ્યા છે. આ બે દિવસીય સમિટમાં કેન્દ્રીય મંત્રાલયો, રાજ્ય અને કેન્દ્રશાસિત પ્રદેશોના પ્રતિનિધિઓ, ટેકનિકલ નિષ્ણાતો, પંચાયત સભ્યો, એનજીઓ, સેલ્ફ-હેલ્પ ગ્રુપ (SHGs), સમુદાય સંગઠનો તેમજ નેશનલ વોટર ઍવોર્ડ્સ અને જળ સંચય જનભાગીદારી ઍવોર્ડના વિજેતાઓએ ભાગ લીધો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, 'વિઝન ફોર સુજલામ ભારત-૨૦૨૫' સમિટ એકીકૃત આયોજન, સક્રિય સમુદાય ભાગીદારી અને શાશ્વત પદ્ધતિઓ દ્વારા ભારતમાં લાંબા ગાળાની પાણી સુરક્ષા સ્થાપિત કરવાનો સંકલ્પ વ્યક્ત કરે છે, જે દેશને સુજલામ અને સ્થિર ભારતના સંયુક્ત લક્ષ્ય તરફ વધુ ઝડપી આગળ ધપાવશે. નીતિ આયોગની આ છ વિષયક વિભાગીય સમિટોની શ્રેણી હેઠળ જળ શક્તિ મંત્રાલય રાષ્ટ્રીય જળ ક્ષેત્રના વિષયનું નેતૃત્વ કરે છે, જેમાં સ્રોત ટકાઉપણું, પીવાના પાણીની સુરક્ષા, સ્વચ્છતા, ભૂગર્ભજળ વ્યવસ્થાપન, સિંચાઈ કાર્યક્ષમતા તથા ગ્રામ્ય-શહેરી સમન્વિત જળ વ્યવસ્થાપન જેવા મહત્વપૂર્ણ ક્ષેત્રો સામેલ છે.

# ફાઈલવર્ક નહીં ફિલ્ડ વિઝીટ અનિવાર્ય : CM

## વિકાસયાત્રાને ગતિ આપવા થીંકીંગ વેલ, ડુઇંગ વેલ સાથે કામ કરવા અનુરોધ : મુખ્યમંત્રી

રાજકોટ, તા. ૨૯

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે રાજયના વરિષ્ઠ અધિકારીઓને આહવાન કર્યું છે કે, વિકસિત ગુજરાત ૨૦૪૭ માટે 'અર્નિંગ વેલ- લિવિંગ વેલ'ના બે પિલ્લર આધારિત વિકાસયાત્રાને વધુ ગતિ આપવા સૌ થીન્કિંગ-વેલ ડૂઈંગ વેલનો ભાવ જગાવે. વલસાડ જિલ્લાના ધરમપુર સ્થિત શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ ખાતે 'સામૂહિક ચિંતનથી સામૂહિક વિકાસ તરફ'ની થીમ સાથે યોજાયેલી ૧૨મી ચિંતન શિબિરનું સમાપન કરાવતા મુખ્યમંત્રીએ કહ્યું કે, વડાપ્રધાનએ આપેલા વિકસીત ભારત ૨૦૪૭ના સંકલ્પમાં ગુજરાતને વિકસિત ગુજરાત ૨૦૪૭થી અગ્રેસર રાખવાનો જે રોડમેપ આપણે લોકો માટે અર્નિંગ વેલ લીવિંગ વેલના મંત્ર સાથે તૈયાર કર્યો છે. તેને થીન્કિંગ વેલ ડૂઇંગ




વેલના ભાવથી આ ચિંતન શિબિર વૈચારિક ભાથું પૂરું પાડશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અધિકારીઓને ફરજો અને વિભાગોની ઓનરશીપ સાથે સંપૂર્ણ સમર્પણ, જવાબદારી અને લોકહિતની પ્રતિબદ્ધતા સાથે નિભાવવાનું જણાવતાં ઉમેર્યું કે, આપણે જ્યાં હોઇએ ત્યાં આપણું શ્રેષ્ઠ કાર્યપ્રદાન આપીને રાજયના વિકાસમાં અને સામાન્ય માનવીના સુખ સુવિધાના કામોમાં કાર્યરત રહીએ ત્યારે જ આત્મસંતોષ મળે. મુખ્યમંત્રીએ આ સંદર્ભમાં કહ્યું કે, માત્ર ફાઇલ વર્ક કરીને સંતોષ માનવા કરતાં નિયમિતપણે ફિલ્ડ વિઝીટ, સ્થળ પર હાજરી, વાસ્તવિક સમસ્યાઓનો સૂઝબૂઝથી સામનો કરવાની પહેલવૃત્તિ અને લોકહિત તથા કલ્યાણ માટે સંવેદના જગાવીને કાર્યક્ષમતામાં અનેકગણો વધારો થઇ શકે અને આપણે પોતે કરેલા કામોના મૂલ્યાંકનથી વિકાસની સાચી દિશા નક્કી થઇ શકે.

૨૦૦૩ની પ્રથમ ચિંતન શિબિરમાં નરેન્દ્રભાઇ મોદીએ આપેલી પ્રેરણા આપણો અભિગમ સંકલિત હોય, ગામડાઓને ગરીબીમાંથી બહાર કાઢીએ અને એકપણ પરિવાર ગરીબી રેખાથી નીચે ન રહે. જ્યારે ભારત ૨૧મી સદી તરફ અગ્રેસર હોય ત્યારે આ સદીને ભારતની સદી બનાવવામાં આપણા બધા તરફથી કંઇ યોગદાન હોવું જોઇએ. આ ફક્ત રાજકીય કે ઓફીસીયલ કાર્યક્રમ નથી, માનવજાતના ઉત્થાનનો એક નાનો પ્રયાસ છે. ભારત ત્રીજી મોટી આર્થિક મહાસત્તા બનવા જઇ રહ્યું છે. ગુજરાતમાં આપણે તેમના દિશા દર્શનમાં સર્વાંગી વિકાસની ગતિ તેજ બનાવીને માથાદીઠ આવક પાછલા અઢી દાયકામાં ૧૯૮૨૩થી વધારીને ૩ લાખ ૨૨ હજાર સુધી પહોંચાડી છે.

મુખ્યમંત્રીએ ત્રિદિવસીય ચિંતન શિબિરના વિધિધ ચર્ચાસત્રોમાં થયેલા સામૂહિક વિચાર મંથનથી મળેલા સૂચનો પર વાસ્તવિક અમલથી સર્વાંગી વિકાસ માટે ટીમ સ્પીરીટથી કાર્યરત થવા માર્ગદર્શન આપ્યું હતું. તેમણે કુપોષણ સામે સામૂહિક ઝુંબેશ શરૂ કરવાનો નિર્ધાર વ્યક્ત કર્યો હતો.





# ટ્રાફિક નિયંત્રણ ખોખલુ, વાહન ચાલકો બેફામ

## બંધ સિગ્નલ હોવા છતાં લોકો નીકળી જાય છે, ટ્રાફિક સ્ટાફ ‘ચેકિંગ’માં વ્યસ્ત

રાજકોટ, તા. ૨૯

શહેરમાં હાલ જે રીતે પ્રદૂષણનું પ્રમાણ વધી રહ્યું છે તે ભવિષ્ય માટે અત્યંત જોખમી છે પરંતુ સામે પરિબળોની જો વાત કરવામાં આવે તો લોકો માં ટ્રાફિકને લઈ જે જાગૃતતા હોવી જોઈએ તે પણ ઘણા ખરા હશે ઓછી છે જેના પગલે હાલ ટ્રાફિક સમસ્યાનું નિવારણ પણ શક્ય બનતું નથી આ તમામ બાબતોની ગંભીરતાને ધ્યાને લઈ તે વાત સ્પષ્ટ થઈ ચૂકી છે કે અત્યારે જે પ્રશ્નો ઊભા થઈ રહ્યા છે તેમાં ટ્રાફિક પણ એક મુખ્ય ભાગ ભજવે છે જે જે વિસ્તારોમાં ટ્રાફિક સિગ્નલો છે ત્યાં ટ્રાફિક સિગ્નલ બંધ હોવા છતાં પણ લોકો પોતાના વાહનો ચાલુ રાખતા હોય છે જે પ્રદૂષણ વધારવામાં અત્યંત મુખ્ય કારણ તરીકે જોવા મળે છે. જો આ બાબતે અંકુશ રાખવામાં નહીં આવે તો ભવિષ્યમાં ઘણા વિકટ પરિણામો ભોગવવા પડશે.

બીજી તરફ ટ્રાફિક સિગ્નલ બંધ હોવા છતાં અનેક રાહદારીઓ સિગ્નલનું ઉલંઘન કરતા નજરે પડે છે જે અકસ્માત પણ નોતરે છે અને અન્ય લોકોને પણ આ પ્રકારની કામગીરી





કરવા માટે પ્રેરિત કરે છે ત્યારે ટ્રાફિક પોઇન્ટ ઉપર યોગ્ય ટ્રાફિકના જવાનો ઉભા રહીએ તે ખૂબ જરૂરી છે. ઘણા ખરા ટ્રાફિક પોઇન્ટ ઉપર સિગ્નલ બંધ હોવા છતાં વાહન ચાલકો કોઈ પણ ડર રાખ્યા વગર નીકળી જતા હોય છે જે કોઈકવાર અકસ્માત પણ નોતરી શકે છે. આ તમામ બાબતોની ગંભીરતાને ધ્યાને લઈને ટ્રાફિક ઉપર અંકુશ લાદવામાં આવે તે ખૂબ જરૂરી છે. મહાનગરપાલિકા દ્વારા જે વિસ્તારોમાં ટ્રાફિક થતો હોય ત્યાં ટ્રાફિક સર્કલને પણ નાના કરવામાં આવ્યા પરંતુ છતાં જે પરિસ્થિતિ બદલવી જોઈએ તેમાં કોઈ પ્રકારનો બદલાવ આવ્યો નથી જે ચિંતાનો વિષય છે.

રાજકોટના અનેક ચોકમાં પ્રદુષણ માત્ર શિયાળામાં વધે છે એવું નથી. નિષ્ફળ ટ્રાફિક એન્જીનીયરીંગ અને મેનેજમેન્ટના કારણે રોજ હજારો વાહનો ટ્રાફિક સિગ્નલમાં ઉભા રહે છે. આવા ચોકમાં ઈંધણનું પ્રદુષણ હજારો લોકોના ફેફસામાં ઘુસી જાય છે.

શહેરના અનેક ચોક એવા છે કે જ્યાં ટ્રાફિક સિગ્નલ બંધ હોય ત્યારે વાહન વ્યવહાર સરળતાથી ચાલે છે. પરંતુ જ્યારે રેડ સિગ્નલ ઓન થાય છે ત્યારે વાહનોની લાઇન લાગે છે અને રીતસર એમ્બ્યુલન્સ સહિતના વાહનો ફસાઇ જાય છે. અનેક ચોક પૈકી આવી હાલતનો દાખલો રૈયા રોડ પર અવારનવાર જોવા મળે છે.

અગાઉ અને તાજેતરમાં મુખ્યમંત્રીના કાર્યક્રમ રૈયા રોડના પ્રમુખસ્વામી ઓડિટોરીયમમાં યોજાયા હતા. સલામતી સહિતના કારણોથી આ બે દિવસ મઢીથી માંડી રૈયા ચોકડીના ટ્રાફિક સિગ્નલ ઓફ કરી દેવામાં આવે છે. આ કારણે વાહનો સરળતાથી નીકળે છે.

ત્રણ દિવસ પહેલા પણ ગમે તે કારણે મઢી અને રૈયા ચોકડીના સિગ્નલ ઓફ હતા ત્યારે બસ સહિતના વાહનો કોઇ જામ વગર પસાર થતા હતા. આમ પણ રૈયા ચોક, કેકેવી ચોકમાં બ્રીજ ઉપર બ્રીજ, ઇન્દીરા સર્કલ, મવડી ચોકડી સહિતના જે સર્કલ પર બ્રીજ બન્યા છે ત્યાં હેઠળથી ટ્રાફિક આરામથી પસાર થશે તેવા દાવા કરવામાં આવ્યા હતા. પરંતુ રૈયા ચોક હોય કે કેકેવી ચોક, ઉપર બ્રીજ અને નીચે સિગ્નલ ચાલુ જ રહે છે.

પોલીસ અને કોર્પો. બંને તંત્ર સીસીટીવીમાં બધુ જુએ છે. પરંતુ અંતે રોડ પર ટ્રાફિક પોલીસે જ કામ કરવાનું હોય છે. આ મેનેજમેન્ટના બદલે સિગ્નલો બંધ કરાતા હોવાથી હજારો વાહન ચાલકો રોજ હેરાન થાય છે. આમ્રપાલી બ્રીજથી કિસાનપરા તરફ વાહનો વળવા દેવાને બદલે બેરીકેટ રોજ સાંજે મારી દેવાતા હોય, એસ.ટી. બસ સહિતના વાહનોને નાછૂટકે મેયર બંગલાના ચકકર ખાવા પડે છે. આ કામ ટ્રાફિક પોલીસ માટે સૌથી સહેલું છે!

### પ્રથમ ત્રણ વિજેતાઓને રૂ.૫૧,૦૦૦ રૂ.૪૧,૦૦૦ અને રૂ.૩૧,૦૦૦ રોકડ પુરસ્કાર

# રાજ્યકક્ષાની રાસ ગરબા સ્પર્ધાનું પરિણામ જાહેર

રાજકોટ, તા. ૨૯

રાજકોટ સ્થિત હેમુ ગઢવી હોલ ખાતે યોજાયેલી રાજ્યકક્ષાની રાસ ગરબા સ્પર્ધાનું પરિણામ જિલ્લા યુવા વિકાસ અધિકારી, રાજકોટ દ્વારા જાહેર કરાયું છે. રાજ્યભરના જિલ્લાઓમાંથી આવેલા ચુનંદા કલાકારોએ ઉત્કૃષ્ટ કલા પ્રદર્શન કરી લોકોમાં ભક્તિમય વાતાવરણ ઉભું કર્યું હતું.



આ રાસ સ્પર્ધામાં જામનગર શહેરનું રાજશક્તિ રાસ મંડળ પ્રથમ ક્રમાંકે, સુરેન્દ્રનગર શહેરનું ગોવાળિયા રસ મંડળ દ્વિતીય ક્રમાંકે, સુરત શહેરનું ઓમ કલ્ચરલ ગ્રુપ તૃતીય ક્રમાંકે વિજેતા જાહેર થયા છે. અર્વાચીન ગરબા સ્પર્ધામાં ગાંધીનગર શહેરનું પનઘટ કલા કેન્દ્ર પ્રથમ ક્રમાંકે, સુરત શહેરનું સપ્તધ્વનિ સંગીત વર્ગ કલાવૃંદ દ્વિતીય ક્રમાંકે, તાપી શહેરનું કસ્તુરબા અધ્યાપન મંદિર તૃતીય ક્રમાંકે વિજેતા બન્યા છે, જયારે પ્રાચીન ગરબા સ્પર્ધામાં સુરત શહેરનું સપ્તધ્વનિ સંગીત વર્ગ કલાવૃંદ પ્રથમ ક્રમાંકે, રાજકોટ શહેરની શ્રી એમ.એન્ડ એન. વિરાણી સાયન્સ કોલેજ દ્વિતીય ક્રમાંકે અને અમરેલી શહેરની કે.પી.ધોળકિયા ઇન્ફોટેક મહિલા કોલેજ તૃતીય ક્રમાંકે વિજેતા ઘોષિત થયા છે. ગુજરાતના રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા આયોજીત પ્રાચીન અને અર્વાચીન ગરબા તથા રાસની સ્પર્ધાના પ્રથમ ત્રણ વિજેતાઓને રૂ.૫૧,૦૦૦, રૂ.૪૧,૦૦૦ અને રૂ.૩૧,૦૦૦ રોકડ પુરસ્કાર આપવામાં આવ્યા હતા.

# દયા ઝાપડિયા આંતરરાષ્ટ્રીય સ્તરે ઝળકી

## થાઈલેન્ડમાં આયોજિત ઇન્ટરનેશનલ હેન્ડ બોલમાં સિલ્વર મેડલ સાથે ભારતીય મહિલાઓનો દબદબો

રાજકોટ, તા. ૨૯

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી હાલ શૈક્ષણિક કાર્યોની સાથોસાથ રમતગમત ક્ષેત્રે પણ આગવું સ્થાન મેળવી રહ્યું છે એટલું જ નહીં યુનિવર્સિટિમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય તથા આંતરરાષ્ટ્રીય સ્તર ઉપર પોતાની કીર્તિ સ્થાપિત કરી રહ્યા છે સાથો સાથ યુનિવર્સિટીનું નામ પણ રોશન કરી રહ્યા છે ત્યારે હાલ થાઈલેન્ડમાં આયોજિત આંતરરાષ્ટ્રીય હેન્ડબોલ ફેડરેશન કોન્ટીનેન્ટલ ટ્રોફીમાં ભારતીય મહિલાઓએ સિલ્વર મેડલ જીતી બની હતી જેમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની દયા ઝાપડિયાનો પણ સમાવેશ થયો હતો. વધુને વધુ વિદ્યાર્થીઓ શૈક્ષણિક કાર્યોની સાથે સાથે રમત ગમત ક્ષેત્રમાં આગળ આવે તે ખૂબ જરૂરી છે તે માટેના હાલ તમામ પગલાંઓ લેવામાં આવી રહ્યા છે.






થાઈલેન્ડમાં ૨૪ થી ૨૮ દરમિયાન યોજાયેલ ઇન્ટરનેશનલ હેન્ડબોલ ફેડરેશન કોન્ટિનેન્ટલ ટ્રોફી ૨૦૨૫ માં ભારતીય મહિલા હેન્ડબોલ ટીમે અતિ ઉત્તમ રમત દેખાડી સિલ્વર મેડલ હાંસલ કર્યો તથા સમગ્ર ટુર્નામેન્ટમાં રનર-અપ સ્થાન મેળવ્યું. આ સફળતાનો ગૌરવ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીએ પણ વહેંચ્યો છે, કારણ કે ભારતીય ટીમમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની વિદ્યાર્થીની અને ગુજરાત રાજ્યની એકમાત્ર ખેલાડી, ઝાપડિયા દયા, એ ફાઈનલ સુધીના સફરમાં મહત્વપૂર્ણ યોગદાન આપ્યું હતું. દયા ઝાપડિયાએ સમગ્ર ટુર્નામેન્ટ દરમિયાન સતત ઉત્તમ પ્રદર્શન કરીને ટીમને ફાઇનલ સુધી પહોંચાડવામાં અસરકારક ભૂમિકા ભજવી હતી.

ભારત દ્વારા મેળવેલ આ સિલ્વર મેડલ અને રનર-અપ સ્થાન દેશ માટે ગૌરવપૂર્ણ ક્ષણ છે અને સૌરાષ્ટ્ર યુનિવર્સિટી માટે તો એક ઐતિહાસિક સિદ્ધિ છે. આ વિશેષ સફળતાને અનુસરે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના કુલપતિ ડો. ઉત્પલ જોશી, રજીસ્ટ્રાર મનીષ ધામેચા, ઇન્ચાર્જ શારીરિક શિક્ષણ નિયામક ડો. હરીશ રાબા, તેમજ તમામ યુનિવર્સિટી પરિવાર દ્વારા ઝાપડિયા દયા અને ભારતીય મહિલા હેન્ડબોલ ટીમને હાર્દિક અભિનંદન પાઠવવામાં આવ્યા છે.

# રાજકોટની હવા પ્રદૂષિતઃ AQI ૨૮૦

## મુખ્ય વિસ્તારો રેડઝોનમાં : ટ્રાફિક સમસ્યા વિકરાળ બનતા હવા દુષિત



રાજકોટ , તા. ૨૯

માત્ર દિલ્હી જ નહીં પરંતુ રાજકોટમાં પણ હોવાનું પ્રદૂષણ ખૂબ વ્યાપક પ્રમાણમાં જોવા મળી રહ્યું છે તેમાં શિયાળાની કડકડતી ઠંડીમાં ધુમ્મસ અને ધાબડીયા જેવું વાતાવરણ હોવાના કારણે પ્રદૂષણ વધ્યું છે અને રાજકોટનો એર ક્વોલીટી ઇન્ડેક્સ ભયજનક સપાટીએ પહોંચી ગયો છે. હાલ જે વિગતો મળી રહી છે તે મુજબ છેલ્લા દિવસોમાં ૨૬૬ સુધી એર ક્વોલિટી ઇન્ડેક્સ પહોંચ્યો છે. શહેરના ઘણા ખરા વિસ્તારો રેડ ઝોનમાં પહોંચી ગયા છે જેમાં એર ક્વોલીટી ઇન્ડેક્સ ૧૦૦ થી વધુનો આંક દર્શાવે છે. વહેલી સવારથી લઈ સાંજના સમય સુધી આ એર ક્વોલીટી ઇન્ડેક્સ સતત વધતો જોવા મળે છે જેની પાછળ અનેકવિધ કારણો પણ છે. હાલ તંત્ર માટે મહત્વની વાત તો એ છે કે રાજકોટનો એર ક્વોલિટી ઇન્ડેક્સ કેવી રીતે સુધારવો.

છેલ્લા દિવસોમાં સોરઠીયાવાડી, ઢેબર રોડ મનપા કચેરી માર્ગ, જામટાવર ચોક, રામાપીર ચોક, નાના મવા ચોક સામેલ રહ્યા છે તે ઉલ્લેખનીય છે. આમ તો સવારે ધુમ્મસ અને ધાબડીયા વાતાવરણને કારણે એર ક્વોલીટી ઇન્ડેક્ષ બગડે છે. પરંતુ ખુબ ટ્રાફિકના સમયે અમુક ચોકની હવા ખરાબ થઇ જાય છે. તો જ્યાં સેન્સર નથી ત્યાંના પ્રદુષણનો સાચો અંદાજ નિયમિત મળતો નથી.

રાજકોટમાં ગઇકાલે પણ શહેરની હવાની ગુણવત્તા ગંભીર સ્થિતિમાં હતી. શહેરના અર્ધો ડઝન ચોકમાં સરેરાશ એર ક્વોલિટી ઇન્ડેક્સ (એકયુઆઇ) ૨૫૦ને પાર કરી ગયો હતો.

જેના કારણે શહેરની હવાની ગુણવત્તા ગંભીર સ્થિતિમાં જોવા મળી રહી છે. શહેરનો સરેરાશ એર ક્વોલિટી ઇન્ડેક્સ (એકયુઆઇ) ૨૫૦ને પાર કરી ગયો છે. પ્રદુષણના લેવલ પર નજર કરીએ તો સોરઠીયાવાડી ચોકમાં ન્યુનતમ ૭૦ અને તે બાદ સૌથી વધુ આંક ૨૮૦ હતો. તો જામટાવર ચોકમાં આ આંક ૬૩ અને વધીને ૨૮૦, રામાપીર ચોકમાં ન્યુનતમ ૭૬ અને મહતમ ૨૮૦ નોંધાયેલો દેખાતો હતો. છેલ્લા અઠવાડિયામાં અમુક ચોકમાં આ આંક ૩૦૦ સુધી પહોંચી ગયાનું નોંધાયું હતું. ઢેબર રોડ સેન્ટ્રલ ઝોન મનપા કચેરી માર્ગ પર ન્યુનતમ આંક ૮૪ અને મહતમ ૨૬૬ ઉપર પહોંચ્યો હતો. આ જ રીતે નાના મવા ચોકમાં સરેરાશ ન્યુનતમ આંક ૭૦ અને મહતમ આંક ૨૨૮ પર પહોંચેલો દેખાયો હતો.

ડિલક્ષ ચોકમાં આ આંક વધીને ૧૧૫, ભાવનગર રોડની ઈસ્ટ ઝોન કચેરી માર્ગ પર ૬૬, રેસકોર્સ રોડ ઉપર ૭૫, કોઠારીયા રોડ પર ૩૯, મહિલા કોલેજમાં ૯૫ પર આંક હતો. આજી ડેમ રોડ પર ૧૦૦, કાલાવડ રોડ જડુસ રેસ્ટોરન્ટ પર ૬૦, મોરબી રોડ પર ૧૦૧, ગ્રીન લેન્ડ ચોકમાં ૧૦૮, અટીકા રોડ પર આંક ૧૧૫ નોંધાયો હતો. કોઠારીયા રોડના દેવપરા રોડ પર વધીને ૯૦, જિલ્લા પંચાયત ચોકમાં ૯૫ અને ત્રિકોણબાગ ચોકમાં ૭૭નો આંક આજે દેખાતો હતો. ખુબ ટ્રાફિકના સમયે પ્રદુષણ વધતું હોય તેવા સમયે આ ઇન્ડેક્ષ ઉંચકાય જાય છે તે ઉલ્લેખનીય છે.

શહેરના અમુક વિસ્તારોમાં પ્રદૂષણનું સ્તર વધુ જોવા મળી રહ્યું છે, જેના કારણે જુદા જુદા વિસ્તારના એકયુઆઇમાં તફાવત જોવા મળ્યો છે. સૌથી વધુ પ્રદૂષિત વિસ્તારોમાં નીચેના ચોકનો સમાવેશ થાય છે. સેન્ટ્રલ ઝોન કચેરી ચોક શહેરનો સૌથી વધુ પ્રદૂષિત વિસ્તાર છે. સોરઠિયાવાડી ચોક ઉચ્ચ પ્રદૂષણ સ્તર અને જામ ટાવર ચોક ઉચ્ચ પ્રદૂષણ સ્તર છે.

રાજકોટ મિરર
તંત્રીની કલમે

# નવું એપી સેન્ટર...

## ગુજરાતની રાજનીતિમાં હલચલ : વિપક્ષને...



ભૂકંપનો આંચકો આવે ત્યારે તેના એ.પી. સેન્ટરને શોધવામાં આવે છે. એપી સેન્ટરથી ભૂકંપ સર્જાયો હોય છે. ગુજરાતની રાજનીતિમાં નવું એપી સેન્ટર બનવાના સંજોગો સર્જાઇ રહ્યા છે, જે વિપક્ષને વધારે પરેશાન કરી શકે છે.

એક સમયે ગુજરાતની રાજનીતિમાં કોંગ્રેસનો એકચક્રી પ્રભાવ હતો. ત્યારના ધુરંધર કોંગી નેતાઓ દેશભરમાં તીવ્ર પ્રભાવ ધરાવતા હતા. આ નેતાઓમાં એક નેતા એહમદ પટેલ હતા. તેઓએ રાષ્ટ્રીય મોવડીનો વિશ્વાસ પ્રાપ્ત કર્યો હતો. એહમદભાઇ વર્ષો સુધી સોનિયાજીના રાજકીય સલાહકાર હતા અને તેમની સલાહથી કોંગ્રેસ મહત્વના નિર્ણયો કરતી હતી. એહમદભાઇની કુનેહ અને રાજકીય દ્રષ્ટિ પાવરફૂલ હતા.

એહમદભાઇના નિધનથી કોંગ્રેસને તીવ્ર આંચકો લાગ્યો હતો. એહમદભાઇનો પરિવાર પણ કોંગ્રેસને આંચકો આપવાના મૂડમાં છે. એહમદ પટેલના પુત્રએ ટ્વીટ કરીને જાહેર કર્યું છે કે, ગુજરાતમાં નવા રાજકીય પક્ષ એપી પાર્ટીની સ્થાપના કરવા વિચારણા ચાલી રહી છે.


જીવનની છેલ્લી અવસ્થામાં એહમદભાઇનો રાજકીય પ્રભાવ ઘટી ગયો હતો. તેના પુત્ર તથા પુત્રી રાજકીય મેદાનમાં આવવા થનગની રહ્યા છે. કોંગ્રેસ તેને મહત્વ આપતી નથી. આ કારણે ઘણાં વખતથી બન્ને વચ્ચે તનાવ પ્રવર્તે છે. હવે ફૈઝલ એહમદભાઇ પટેલે નવા પક્ષની સ્થાપનાનો પાસો નાખ્યો છે.

જો કે, હાલ એહમદભાઇના પરિવારનો રાજકીય પ્રભાવ કંઇ ખાસ નથી. એહમદભાઇની વિદાય બાદ તેનો પરિવાર રાજનીતિમાં આવવા થનગને છે, પણ પ્રભાવ સ્થાપિત કરી શકયો નથી. નવા પક્ષ સાથે આ પરિવાર મેદાનમાં આવે તો ગુજરાતની રાજનીતિમાં કંઇ વિશેષ ઉકાળી શકે તેમ નથી. પણ, વિપક્ષી તાકાતને અસર કરી શકે છે.

એહમદભાઇ લઘુમતી સમુદાયમાંથી ઉઠેલું નેતૃત્વ હતું. ગુજરાતના આ સમુદાયમાં એહમદભાઇનું માન ખુબ હતું. તેમણે કાર્યો પણ કરી દેખાડ્યા હતા. એહમદભાઇનો પરિવાર રાજનીતિના મેદાનમાં નવા પક્ષ સાથે આવે તો તેનો આધાર લઘુમતી સમુદાય જ હોય.

લઘુમતી મતો પરંપરાગત રીતે કોંગ્રેસ તરફી માનવામાં આવે છે. ગુજરાતમાં ખુબ નબળી ગણાતી કોંગ્રેસ એપી પાર્ટીનું આગમન થાય તો વધારે નબળી બની શકે છે. ફૈઝલ પોતાની રાજકીય કારકિર્દી ઘડી શકે કે નહિ, તે દૂરની બાબત છે. વિપક્ષને અકલ્પનીય નુકસાન કરી શકે તેમ છે.

આ સ્થિતિ શાસક ભાજપ માટે અનુકુળ બને. ગુજરાતના નવા એપી સેન્ટરને પડદા પાછળ ભાજપ સ્પોન્સર કરી શકે છે!



પુ ભકિત સ્વામીજી (હિન્દુ રાષ્ટ્રહિત રક્ષક )
શ્રી સ્વામિનારાયણ સનાતન આશ્રમ-ખીરસરા

# શ્રમ કાયદો રદ કરો : કોંગ્રેસ

## ઉદ્ધવ ઠાકરે કર્યો વિરોધ : નવો શ્રમ કાયદો કામદારોના અધિકારોને કરશે ખતમ

નવીદિલ્હી, તા. ૨૯

વિપક્ષ કેન્દ્ર સરકાર દ્વારા લાગુ કરાયેલા ચાર શ્રમ કાયદાઓનો સતત વિરોધ કરી રહ્યું છે. કોંગ્રેસ તેમને રદ કરવાની માંગ કરી રહી છે, ત્યારે શિવસેના (UBT) પણ તેમનો વિરોધ કરી રહી છે. ઉદ્ધવ ઠાકરેની શિવસેના કહે છે કે કેન્દ્ર સરકારના નવા શ્રમ કાયદા કામદારોના અધિકારોને ખતમ કરશે અને અનિશ્ચિતતા પેદા કરશે. શિવસેના (UBT) ના સાંસદ અરવિંદ સાવંતે શનિવારે કેન્દ્ર સરકાર દ્વારા ચાર નવા શ્રમ સંહિતા લાગુ કરવાની ટીકા કરતા કહ્યું કે તે કામદારોના અધિકારોને ખતમ કરશે અને અનિશ્ચિતતા પેદા કરશે. શિવસેના (UBT) કામદાર પાંખના વડા સાવંતે કેન્દ્ર સરકાર પર મૂડીવાદીઓ અને શ્રીમંતો સાથે સાંઠગાંઠ કરવાનો આરોપ લગાવ્યો.

તેમણે કહ્યું કે કાયદાઓએ દરેક વસ્તુને નિશ્ચિતતાથી અનિશ્ચિતતામાં બદલી નાખી છે અને ઉમેર્યું કે નવા કોડને કોર્ટમાં પડકારવામાં આવશે. કેન્દ્ર સરકારે ઔદ્યોગિક સંબંધો સંહિતા ૨૦૨૦, વ્યવસાયિક સલામતી અને આરોગ્ય સંહિતા ૨૦૨૦, સામાજિક સુરક્ષા સંહિતા ૨૦૨૦ અને વેતન સંહિતા ૨૦૧૯ ને સૂચિત કર્યા છે, જે કાયદા ૨૦૨૦ થી પેન્ડિંગ હતા અને તેમાં નોંધપાત્ર સુધારા કરવામાં આવ્યા છે.



નવા કાયદાઓ પર નિરાશા વ્યક્ત કરતા સાવંતે કહ્યું, ''આ કાયદાઓ કામદારોના જીવનને બરબાદ કરશે અને તેમને કોઈ નોંધપાત્ર અધિકારો આપશે નહીં. ભારતીય કામદાર સેના આ કાયદાઓના અમલીકરણનો વિરોધ કરશે.'' તેમણે કહ્યું કે અગાઉના કાયદા હેઠળ, ૧૦૦ કામદારોને રોજગારી આપનારા કોઈપણ ફેક્ટરી માલિકે તેમના યુનિટ બંધ કરવા માટે રાજ્ય સરકારની પરવાનગી લેવી પડતી હતી, પરંતુ નવા કાયદાએ આ સંખ્યા વધારીને ૩૦૦ કરી દીધી છે.

શિવસેનાના નેતા સાવંતે વધુમાં કહ્યું કે જ્યારે ઉદ્ધવ ઠાકરેની મહા વિકાસ આઘાડી (MVA) સરકાર સત્તામાં હતી, ત્યારે તેમણે રાજ્યમાં આ કોડ લાગુ કરવાના કોઈપણ પગલાનો સખત વિરોધ કર્યો હતો. અગાઉ, કોંગ્રેસ પાર્ટીએ પણ શ્રમ કાયદાઓનો વિરોધ કર્યો હતો, માંગ કરી હતી કે તાજેતરમાં લાગુ કરાયેલા ચાર શ્રમ કાયદાઓ કેન્દ્ર સરકાર દ્વારા તાત્કાલિક પાછા ખેંચવામાં આવે, કારણ કે તે મજૂર વિરોધી છે અને બંધુઆ મજૂરીને પ્રોત્સાહન આપે છે. પાર્ટીના અસંગઠિત કામદારો અને કર્મચારી કોંગ્રેસ સેલના પ્રમુખ ઉદિત રાજે દાવો કર્યો હતો કે સરકારે એક જ ઝાટકે કામદારોના હિતમાં અગાઉ અસ્તિત્વમાં રહેલા તમામ કાયદાઓનો નાશ કરી દીધો છે. ગયા અઠવાડિયે, કેન્દ્ર સરકારે ચાર કોડ લાગુ કર્યા, જેમાં કામદારો માટે સમયસર લઘુત્તમ વેતન અને બધા માટે સાર્વત્રિક સામાજિક સુરક્ષા જેવા સુધારા રજૂ કરવામાં આવ્યા. નવા કાયદાઓમાં કામના કલાકોમાં વધારો અને વધુ નિશ્ચિત-અવધિ રોજગાર સંબંધિત નિયમોનો સમાવેશ થાય છે. આ કોડ્સ ૨૯ ખંડિત કાયદાઓને એકસાથે લાવે છે.

# વિવાદોમાં પડવું એ ભારતનો સ્વભાવ નથી

## દેશની પરંપરા હંમેશા ભાઈચારાની : ભાગવત



નવીદિલ્હી, તા. ૨૯

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વડા મોહન ભાગવતે શનિવારે કહ્યું હતું કે વિવાદોમાં પડવું એ ભારતનો સ્વભાવ નથી. તેમણે ભાર મૂક્યો હતો કે દેશની પરંપરા હંમેશા ભાઈચારો અને સામૂહિક સંવાદિતા પર ભાર મૂકે છે. નાગપુરમાં એક કાર્યક્રમને સંબોધતા ભાગવતે કહ્યું હતું કે ભારતનો રાષ્ટ્રત્વનો ખ્યાલ પશ્ચિમી અર્થઘટનથી મૂળભૂત રીતે અલગ છે. પોતાના ભાષણમાં મોહન ભાગવતે કહ્યું હતું કે, ''અમારો કોઈ સાથે કોઈ વિવાદ નથી. અમે વિવાદોથી દૂર રહીએ છીએ; વિવાદ કરવો એ આપણા દેશના સ્વભાવમાં નથી. સાથે રહેવું અને ભાઈચારાને પ્રોત્સાહન આપવું એ આપણી પરંપરા છે.'' તેમણે કહ્યું કે વિશ્વના અન્ય ભાગો સંઘર્ષગ્રસ્ત પરિસ્થિતિઓમાં વિકસિત થયા છે. તેમણે વધુમાં કહ્યું હતું કે, ''એકવાર કોઈ અભિપ્રાય રચાય છે, તે વિચાર સિવાય બીજું કંઈપણ અસ્વીકાર્ય બની જાય છે. તેઓ અન્ય વિચારોના દરવાજા બંધ કરી દે છે અને તેને 'વાદ' કહેવાનું શરૂ કરે છે.

આરએસએસના વડાએ કહ્યું હતું કે પશ્ચિમી દેશો ભારતના રાષ્ટ્રીય વિચારને સમજી શકતા નથી, તેથી તેઓએ તેને 'રાષ્ટ્રવાદ' કહેવાનું શરૂ કર્યું. તેમણે સ્પષ્ટતા કરી હતી કે, '''રાષ્ટ્ર'નો આપણો ખ્યાલ પશ્ચિમી રાષ્ટ્રના ખ્યાલથી અલગ છે. આપણે રાષ્ટ્રીયતા શબ્દનો ઉપયોગ કરીએ છીએ, રાષ્ટ્રવાદ નહીં. રાષ્ટ્રમાં વધુ પડતા અભિમાનને કારણે બે વિશ્વયુદ્ધ થયા, જેના કારણે કેટલાક લોકો રાષ્ટ્રવાદ શબ્દથી ડરે છે.'' તેમણે ભારપૂર્વક જણાવ્યું હતું કે ભારતનો રાષ્ટ્રવાદ ઘમંડ કે અભિમાનથી ઉદ્ભવતો નથી, પરંતુ લોકો વચ્ચેના ઊંડા આંતરસંબંધ અને પ્રકૃતિ સાથે સહઅસ્તિત્વમાંથી ઉદ્ભવે છે. તેમણે જ્ઞાનના મહત્વ પર પણ ભાર મૂક્યો, અને કહ્યું કે વ્યવહારુ સમજણ અને અર્થપૂર્ણ જીવન જીવવું એ ફક્ત માહિતી કરતાં વધુ મહત્વપૂર્ણ છે. મોહન ભાગવતે કહ્યું કે વિવાદોમાં પડવું ભારતના સ્વભાવમાં નથી, પરંતુ એકતા અને ભાઈચારો આપણી પરંપરા છે. તેમણે 'રાષ્ટ્રત્વ' ની ભારતીય વિભાવના પર ભાર મૂક્યો, જે પશ્ચિમી 'રાષ્ટ્રવાદ' થી અલગ છે, જે સંઘર્ષને બદલે લોકોના ઊંડા આંતરસંબંધ અને પ્રકૃતિ સાથે સહઅસ્તિત્વમાંથી ઉદ્ભવે છે.

## EDનો ખુલાસો, અલ-ફલાહ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર જાવેદ અહેમદની સંસ્થાને વહેચાઈ હતી જમીન

# મૃત હિંદુઓના નામે જમીનના થયા સોદા

નવીદિલ્હી, તા. ૨૯

દિલ્હીના લાલ કિલ્લાની સામે થયેલા કાર બોમ્બ વિસ્ફોટો અલ-ફલાહ યુનિવર્સિટી સાથે સીધા જોડાયેલા છે. એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ED) એ હવે અલ-ફલાહ યુનિવર્સિટીના વાઇસ ચાન્સેલર જાવેદ અહેમદ સિદ્દીકી અંગે એક મહત્વપૂર્ણ ખુલાસો કર્યો છે. દિલ્હીના મદનપુર ખાદરમાં મૃત હિન્દુઓની જમીન જાવેદ અહેમદ સિદ્દીકીની સંસ્થાને બનાવટી દસ્તાવેજોના આધારે વેચવામાં આવી હતી. ઊઉ ની તપાસમાં બહાર આવ્યું છે કે મૃત હિન્દુઓના નામે નકલી જનરલ પાવર્સ ઓફ એટર્ની (GPA) બનાવવામાં આવ્યા હતા, અને અલ-ફલાહ સાથે જોડાયેલા એક ફાઉન્ડેશને જમીન ખરીદી હતી. તપાસ એજન્સીને જાણવા મળ્યું છે કે મદનપુર ખાદર વિસ્તારમાં ખસરા નંબર ૭૯૨ ધરાવતી જમીનને બનાવટી દસ્તાવેજોનો ઉપયોગ કરીને વેચાયેલી બતાવવામાં આવી હતી અને આખરે અલ-ફલાહ યુનિવર્સિટીના ચેરમેન જાવેદ અહેમદ સિદ્દીકી સાથે જોડાયેલા ફાઉન્ડેશન, તરબિયા એજ્યુકેશન ફાઉન્ડેશનને ટ્રાન્સફર કરવામાં આવી હતી.

ED ના જણાવ્યા અનુસાર, આ જમીન વેચવા માટે ઉપયોગમાં લેવાયેલ જનરલ પાવર ઓફ એટર્ની (GPA) સંપૂર્ણપણે છેતરપિંડીભર્યું હતું. તપાસમાં જાણવા મળ્યું કે GPA પર જે વ્યક્તિઓના હસ્તાક્ષર અથવા અંગૂઠાના નિશાન દર્શાવવામાં આવ્યા હતા તેમાંથી ઘણા લોકો ૧૯૭૨ અને ૧૯૯૮ ની વચ્ચે મૃત્યુ પામ્યા હતા. તેમ છતાં, GPA ૭ જાન્યુઆરી, ૨૦૦૪ ની તારીખનો છે, અને દસ્તાવેજ મૃત વ્યક્તિઓ દ્વારા જ તૈયાર કરવામાં આવ્યો




હોવાનું દર્શાવવામાં આવ્યું છે. ED દ્વારા મેળવેલા મૃત્યુ રેકોર્ડમાં આ વ્યક્તિઓના નામનો સમાવેશ થાય છે.

આ બધા વ્યક્તિઓને GPAમાં એવી રીતે દર્શાવવામાં આવ્યા હતા જાણે તેઓ જીવંત હોય અને ૨૦૦૪ માં જમીન વેચવાની પરવાનગી આપી હોય. વિનોદ કુમારના નામે નકલી GPA બનાવવામાં આવ્યો હતો. તપાસમાં બહાર આવ્યું કે વિનોદ કુમારે આ GPAના આધારે જમીન વધુ વેચી દીધી હતી. મૃતક વ્યક્તિઓને દસ્તાવેજોમાં માલિક તરીકે પણ સૂચિબદ્ધ કરવામાં આવ્યા હતા, પરંતુ દસ્તાવેજોમાં તેમને માલિક તરીકે બતાવીને તેમના શેર પણ વેચવામાં આવ્યા હતા. નકલી GPA ના નવ વર્ષ પછી, ૨૭ જૂન, ૨૦૧૩ ના રોજ એક રજિસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ તૈયાર કરવામાં આવ્યો હતો. વેચાણ દસ્તાવેજમાં જમીન ₹૭૫ લાખની સૂચિબદ્ધ હતી, જ્યારે એવું લાગે છે કે તે સમયે જમીનની કિંમત આશરે ₹૨.૫ થી ₹૩ કરોડ હતી. તારબિયા એજ્યુકેશન ફાઉન્ડેશનને ખરીદનાર તરીકે સૂચિબદ્ધ કરવામાં આવ્યું હતું, અને વિનોદ કુમારે બધા માલિકો વતી વેચનાર તરીકે સહી કરી હતી. મૃતક વ્યક્તિઓના શેર પણ વેચવામાં આવ્યા હતા.

જમીનના માલિકોમાંના એક કુલદીપ બિધુરી હતા. કુલદીપનો દાવો છે કે જમીન તેમના પરિવારની હતી. તેમનો દાવો છે કે જમીન મૃતક વ્યક્તિઓના નામે છેતરપિંડીથી વેચવામાં આવી હતી. તેમણે દાવો દાખલ કર્યો હતો, જેના પગલે કોર્ટના આદેશથી બાંધકામ તોડી પાડવામાં આવ્યું હતું. જમીનની માલિકીનો દાવો કરનારા ભગતસિંહ બિધુરી કહે છે કે તેમની પાસે ૧,૬૦૦ યાર્ડ જમીન હતી, જે બનાવટી સહીઓનો ઉપયોગ કરીને વેચવામાં આવી હતી. તેમના શેર પ્રેમ સિંહ, સમય સિંહ, ભગત, જગત અને ભરતના નામે હતા, અને તેમની સહીઓ બનાવટી હતી. ૨૦૧૬ માં, તેમણે જવાદ અહેમદ અને વિનોદ સામે દાવો દાખલ કર્યો હતો.

# નીતીશ મંત્રીમંડળનું ડિસેમ્બરમાં વિસ્તરણ

## JDU ક્વોટામાંથી મંત્રી પદોની યોજના : હાલ નવ જગ્યાઓ ખાલી

નવીદિલ્હી, તા. ૨૯

બિહારમાં NDAના પ્રચંડ વિજય બાદ, સરકારની રચના થઈ ગઈ છે અને મંત્રીમંડળને તમામ સાથી પક્ષોમાં વહેંચી દેવામાં આવ્યું છે. નીતિશ કુમારનું મંત્રીમંડળ આવતા મહિને વિસ્તરણ થવાનું છે, જેમાં JDU ક્વોટામાંથી છ મંત્રી પદો ભરવાની યોજના છે. સૂત્રો સૂચવે છે કે JDU વ્યૂહાત્મક વિચારણાઓના આધારે મંત્રીઓની પસંદગી કરશે. હાલમાં, નીતિશ કુમારના મંત્રીમંડળમાં નવ ખાલી જગ્યાઓ છે, જેમાં JDUના છ અને BJPના ત્રણ, જે આવતા મહિને ભરાઈ શકે છે. નોંધનીય છે કે બિહારમાં મુખ્યમંત્રી સહિત મહત્તમ ૩૬ મંત્રીઓ હોઈ શકે છે. NDA મંત્રીમંડળના મંત્રી વિતરણ ફોર્મ્યુલા મુજબ, ભાજપ પાસે ૧૭, JDU પાસે ૧૫ (મુખ્યમંત્રી પદ સહિત), LJP પાસે બે અને HAM અને RLP પાસે એક-એક મંત્રી છે. પરિણામે, ભાજપ પાસે ત્રણ વધુ મંત્રીઓ અને JDU પાસે છ વધુ મંત્રીઓ હોઈ શકે છે.




સૂત્રો અનુસાર, JDU કુશવાહા અને અત્યંત પછાત વર્ગના ધારાસભ્યોને મંત્રી તરીકે નિયુક્ત કરવામાં આવશે. હાલમાં, JDUના બિજેન્દ્ર પ્રસાદ યાદવ પાંચ, વિજય ચૌધરી ચાર અને શ્રવણ કુમાર અને સુનિલ કુમાર બે-બે વિભાગો ધરાવે છે. ભાજપના મંત્રી વિજય સિંહ, મંગલ પાંડે, નીતિન નવીન અને અરુણ શંકર પ્રસાદ પણ બે-બે વિભાગો ધરાવે છે. પરિણામે, આમાંથી કેટલાક વિભાગો નવા મંત્રીઓને ફાળવવામાં આવી શકે છે. જોકે, JDUના સૂત્રોએ નકારી કાઢ્યું કે પાર્ટી અન્ય પક્ષોના ધારાસભ્યો પર નજર રાખી રહી છે અને તેમને JDUમાં તોડવાનો પ્રયાસ કરી રહી છે, જેનાથી તેમને કેબિનેટ પદ મળી શકે છે. JDUના સૂત્રો અનુસાર, હાલમાં આની કોઈ જરૂર નથી. રાજ્યસભાની ચૂંટણી હજુ છ મહિના દૂર છે, અને વર્તમાન તાકાત સાથે, NDA પાંચેય બેઠકો જીતવા માટે તૈયાર છે, તેથી અન્ય પક્ષોના સમર્થનની હાલમાં જરૂર નથી. બિહારમાં નીતિશ કુમારના મંત્રીમંડળનો આગામી મહિને વિસ્તાર કરવામાં આવશે. JDU ક્વોટામાંથી છ ખાલી મંત્રી પદો અને BJPના ત્રણ પદો ભરવામાં આવશે. જાતિ સમીકરણોને સંતુલિત કરવા માટે JDU કુશવાહા અને અત્યંત પછાત વર્ગના ધારાસભ્યોને તકો આપવાની તૈયારી કરી રહ્યું છે.

રમતી વખતે છોકરાઓ સતત કાર પર ફૂલ ફેંકતા હોઇ, રેકેટ અથડાવતાં હોઇ વાંધો ઉઠાવ્યો હતો

# મહિલા વકિલ, પતિ, પુત્ર પર રેકેટથી હુમલો

## પડોશીએ ચપટી વગાડી કહ્યું-ફુલ તો આવશે જ થાય એ કરી લેઃ પછી ત્રણ જણાએ કર્યો હુમલોઃ ખૂનની અને ટાંટીયા ભાંગવાની ધમકી પણ દીધાની FIR

રાજકોટ, તા. ૨૯

શહેરમાં અવાર-નવાર માથાકુટ થતી રહેતી હોય છે. ઘણીવાર પાડોશીઓ નહિ જેવી વાતે એક બીજાના દૂશ્મન બની તૂટી પડતાં હોય છે. વધુ એક આવી ઘટના પોલીસ સુધી પહોંચી છે. જેમાં યુનિવર્સિટી રોડ વિસ્તારમાં આવેલી બોમ્બે હાઉસીંગ સોસાયટી, શેરી નં.૨માં રહેતાં અને વકીલાત કરતાં મહિલા તથા તેમના પરિવાર પર પાડોશીઓએ ફુલ રેકેટ રમવા જેવી બાબતે લોખંડના રેકેટ વડે હુમલો કરી ઝઘડો કરતાં અને માર મારતાં ફરિયાદ થઇ છે. આ હુમલામાં મહિલા વકિલ, તેમના પતિ અને પુત્રને ઈજા થતાં પોલીસે કાર્યવાહી હાથ ધરી હતી.

વિગતો જોઇએ તો તાલુકા પોલીસે બોમ્બે હાઉસીંગ સોસાયટી-૨ ધોળકીયા સ્કૂલ સામે રહેતા પંચાવન વર્ષના મહિલા વકિલ ભુમિતાબેન ઘનશ્યામભાઇ રૂઘાણીની ફરિયાદ પરથી તેમના પડોશમાં રહેતાં અનિરૂધ્ધ મોહનલાલ ગરાચ, બીનલ અનિરૂધ્ધ ગરાચ અને હિતેષભાઇ મોહનલાલ વિરૂધ્ધ ગુનો નોંધ્યો છે. ભુમિતાબેને ફરિયાદમાં જણાવ્યું છે કે બારમીના રોજ રાત્રે આશરે નવેક વાગ્યાની આસપાસ તેઓ પોતાના ઘરે પરિવાર સાથે જમવાની તૈયારી કરી રહ્યા હતા. તે સમય પાડોશી દેવાંશુ અનિરૂધ્ધ ગરાચ, ફોરમ હિતેશભાઈ ગરાચ, મૃદંગ હિતેશભાઈ ગરાચ, ભવ્ય દિપકભાઈ કારીયા અને ભવ્યનો નાનો ભાઈ તેમના ઘરની નજીક પાર્ક કરેલી ભૂમીતાબેનની ગાડી પાસે ફુલ રેકેટ એટલે કે શટલ કોકથી રમતાં હતાં.

આ બધા રમત રમતી વખતે દેકારો કરતાં હોઇ તેમજ વારેઘડીએ કાર ઉપર ફુલ નાખી રેકેટ ભટકાવતાં હોઇ ભુમીતાબેનના પરિવારે તેઓને આ રીતે કાર ઉપર ફુલ નહિ નાખવા, રેકેટ નહિ અથડાવવા સમજાવ્યા હતાં. આમ છતાં આ બધા સમજ્યા નહોતાં. જેથી ભુમિતાબેન અને તેના પતિ ઘડીકવાર માટે ગાડીમાં બેસી ગયા હતા. તેમ છતાં આ બધાએ ગાડી પર ફુલ નાખવાનું ચાલુ રાખતાં રાતે પોણા દસેક વાગ્યે ભુમિતાબેન અને તેમના પતિ ગાડીમાંથી બહાર નીકળી ઘરમાં જતો હતો, ત્યારે ફોરમે



ઈરાદાપુર્વક ગાડીના કાચ પર ફૂલ નાખ્યું હતું. આ બાબતે સમજાવતા ફોરમે ઉશ્કેરાઈને ચપટી વગાડી આંગળી ચીંધી ધમકી આપી કે-ફૂલ તો આવશે જ, તારાથી થાય એ કરી લે.

ત્યારબાદ સામેના મકાનમાં રહેતા અનિરૂધ્ધ મોહનલાલ ગરાચ ત્યાં આવ્યા અને છોકરાઓને મોટેથી રમવા માટે પ્રોત્સાહિત કરતા ભૂમીતાબેનને ઈશારો કરીને આખી શેરીમાં સંભળાય તે રીતે કહ્યું કે-એ તો ગાંડી છે, એ તો અહીયા જ રમશે થાય તે કરી લે. તેમજ અનિરૂધ્ધ ગરાચે ભૂમીતાબેનને અસભ્ય ભાષામાં ધમકી આપતા કહ્યું કે-તારા જેટલા હોય તેને બોલાવી લે અને જેટલી પોલીસ બોલાવી હોય તે પણ બોલાવી લે. આ ઉશ્કેરણીજનક વર્તન બાદ દેવાંશુએ ફોરમમના હાથમાંથી ફૂલ લઈને ભુમીતાબેન અને તેમના પુત્ર કિશન પર રેકેટ વડે ફૂલ માર્યું હતું. જે સ્પીડમાં આવતું ફુલ કિશનની આંખમાં લાગી ગયું હતું. ત્યારબાદ અનિરૂધ્ધ મોહનલાલ ગરાચે ઉશ્કેરણીજનક વાક્યો બોલીને પોતાના ઘરમાંથી નીચે ઉતરી ભુમીતાબેનના ઘર તરફ ધસી આવી હુમલો કરવાનું શરૂ કર્યું.

ફોરમે તેના હાથમાં રહેલું લોખંડનું રેકેટ અનિરૂધ્ધ ગરાચના હાથમાં આપ્યું, જેનાથીઅનિરૂધ્ધે ભુમીતાબેન, તેમના પુત્ર કિશન અને પતિ ઘનશ્યામભાઈ પર હુમલો કર્યો અને રેકેટ વડે માથા પર માર માર્યો હતો. હુમલામાં ભુમીતાબેનને ડાબા અને જમણા હાથના કોણીથી ઉપરના ભાગે મૂઢ ઈજાઓ પહોંચી. પુત્ર કિશનને ડાબા હાથના કોણીથી ઉપરના ભાગે ચીરો પડ્યો અને ડાબા પગના પંજામાંથી લોહી નીકળ્યું. પતિ ઘનશ્યામભાઈને માથા પર થતા હુમલાથી બચવા જમણો હાથ આડો રાખતા ટચલી આંગળી પર લોખંડનું રેકેટ વાગતા ચીરો પડી લોહી નીકળ્યું હતું. ઘટનાની જાણ થતા ૧૧૨ નંબરની પોલીસ વાન ત્યાં આવી હતી.

આ વખતે પોલીસની હાજરીમાં પણ અનિરૂધ્ધ ગરાચે બે વખત રેકેટ વડે હુમલો કરવાનો પ્રયાસ કર્યો હતો. તેમજ અનિરૂધ્ધ, બિનલે ભુમીતાબેનના ઘરના મેઈન ગેટ પાસે ઉભા રહીને સતત ધમકીઓ આપતા હતા કે-બારે નીકળ એટલે મારી નાખું અને ટાટીયા ભાંગી નાખુ. ૧૦૦ નંબર પર વાત કરતી વખતે પણ અનિરૂધ્ધે અપશબ્દો બોલી ઉશ્કેરણીજનક ધમકીઓ આપી હતી. પોલીસે સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ મોબાઈલમાં જોયા હતા. ભુમીતાબેનની ફરિયાદના આધારે પોલીસે અનિરુદ્ધ મોહનલાલ ગરાચે સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. એએસઆઇ મુકેશભાઇ ચરમટા વધુ તપાસ કરે છે. આમ રેકેટ રમવા જેવી વાતે ડખ્ખો કરી પડોશીઓએ મહિલા વકિલ, તેમના પતિ, દિકરાને ઘાયલ કરી દીધા હતાં.

પોક્સો-દુષ્કર્મના કેસમાં આરોપીને મદદ કર્યાનું કહીને રૂપિયા સ્વીકાર્યા પણ અઈઈ પહોચી ગઈ !

# ધ્રાગંધ્રા સીટી પોલીસનો કોન્સ્ટેબલ ૩૦ હજારની લાંચ લેતા ઝડપાયો

## ACB રાજકોટના ઈન્ચાર્જ મદદનીશ નિયામક કે.એચ.ગોહિલની ટીમને સફળતા

રાજકોટ, તા.૨૯

કાગડા બધે કાળા તેમ રાજ્યભરમાં કોઈને કોઈ વાતે ખાખીને કાળું કલાક લાગી રહ્યું છે. એક બાજુ પોલીસને પ્રજાનો મિત્ર ગણાવાઈ રહ્યો છે. મિત્ર તરીકે સમયાંતરે સાબિત પણ થાય છે. જેમ પાંચ આંગળી સરખી ના હોય તેમ પોલીસ તંત્રમાં પણ લાંચિયા કર્મચારીઓ અંતે ફસાયા વગર રહેતા નથી તે વાત વધુ એક વખત એસીબીએ સાબિત કરી દીધી છે. ધ્રાંગધ્રા સીટી પોલીસનો એક કોન્સ્ટેબલે દુષ્કર્મ-પોક્સોના આરોપીને મદદ કરી હોવાના બહાને ૩૦ હજાર પડાવવા કારસો રચ્યો હતો પણ એસીબીએ કોન્સ્ટેબલનો આવો હીન કારસો નાકામિયાબ બનાવીને માંગીલાલ કાળુભાઇ પઢીયારે રંગે હાથે લાંચ સ્વીકારતા ઝડપી લેતા સ્થાનિક પોલીસ બેડામાં ચકચાર જાગી છે.

પ્રાપ્ત વિગતો મુજબ એક જાગૃત નાગરિકના પુત્ર સામે પોક્સો અને દુષ્કર્મનો ગુનો નોંધાયો હતો. બાદમાં આરોપીની મદદ કરી હોવાથી રૂ.૩૦ હજાર આપવા પડશે અને કેશ ચાલુ થયે પણ મદદ કરીશ તેવું કહીને ધ્રાગંધ્રા શહેર પોલીસના કોન્સ્ટેબલ માંગીલાલ કાળુભાઇ પઢીયારે આરોપીના પિતા પાસે ૩૦ હજાર માંગ્યા હતા.

પણ જાગૃત નાગરિક આવી રકમ દેવાને બદલે લાંચીયા પોલીસ કોન્સ્ટેબલની આંખ ઉઘાડા સૌ પ્રથમ સુરેન્દ્રનગર એસીબીનો સંપર્ક કરતા પીઆઈએ ફરિયાદીની વિસ્તૃત ફરિયાદ સાંભળીને ધ્રાંગંધ્રામાં પી.જી.વી.સી.એલ કચેરીના ગેટ પાસે,આબેડકર સર્કલ પાસે લાંચનું છટકું ગોઠવ્યું હતું. એ.સી.બી. રાજકોટ એકમના ઈન્ચાર્જ મદદનીશ નિયામક કે.એચ.ગોહિલના સુપરવિઝન વચ્ચે ગોઠવાયેલા લાંચના છટકામાં ટ્રેપિંગ અધિકારી તરીકે સુરેન્દ્રનગર એ.સી.બીના પીઆઈ એમ.એમ.લાલીવાલાએ ટ્રેપિંગ અધિકારી તરીકે લાંચિયા કોન્સ્ટેબલને પકડવા સાણસો ખોલી રાખ્યો હતો.

દરમિયાન ફરિયાદી સાથે હેતુલક્ષી વાતચીત કરી ગેરકાયદે લાંચની રકમ રૂા ૩૦,૦૦૦ માંગીલાલ કાળુભાઇ પઢીયારે સ્વીકારતા જ તેને દબોચી લેવાયો હતો. દારૂ-જુગાર જેવા ગુનામાં આરોપીઓને પકડતો કોન્સ્ટેબલ જ ખુદ રાજયસેવક તરીકેના હોદાનો દુરૂપયોગ કરી, લાંચ સ્વીકારતા આરોપી તરીકે ઝડપાઈ જતા ધ્રાંગધ્રા પોલીસ સહિતના પોલીસ બેડામાં ચકચાર મચી છે.

# ચાઈનીઝ દોરાની ૪૮ ફીરકી પકડાઈ

## મહીકાના પાટીયેથી અડધા લાખના મુદામાલ સાથે શખ્સ ઝબ્બે

રાજકોટ, તા.૨૯

ચાઈનીઝ દોરાના સંગ્રહ અને વેચાણ પર પ્રતિબંધ મુકતા જાહેરનામાનો ભંગ કરનારાઓ સામે આજીડેમ પોલીસે કડક કાર્યવાહી કરી છે. પોલીસે હુડકો ચોકડી નજીકથી પ્રતિબંધિત ચાઈનીઝ દોરાની ૪૮ હજારની ૨૪૦ ફીરકીઓ સાથે એક યુવકની ધરપકડ કરી છે.

વિગતો જોઇએ તો આજીડેમ પોલીસ સ્ટેશનના એએસઆઇ આર. ડી. વાંક, હેડકોન્સ. હરપાલસિંહ જાડેજા, પો.કોન્સ. વિરેન્દ્રસિંહ જાડેજા સહિતના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા ત્યારે ખાનગી રાહે તેમને ચોક્કસ હકીકત મળી હતી કે મહિકા ગામના પાટીયા પાસે, આશાપુરા હોટલની બાજુમાં જાહેર રોડ પર એક યુવક ચાઈનીઝ દોરીની ફીરકીઓ સાથે ભો છે. પોલીસ ટીમે તુરંત જ ખાનગી વાહનમાં ઘટનાસ્થળે પહોંચી હતી. ત્યાં સફેદ શર્ટ અને બ્લુ જીન્સ પેન્ટ પહેરેલો એક ઇસમ ચાર સફેદ પ્લાસ્ટિકના બાચકા સાથે ભેલો મળી આવ્યો હતો. પોલીસે તેને કોર્ડન કરીને પકડી પાડ્યો હતો. આ શખ્સે પોતાનું નામ રાજન પ્રવીણભાઇ જાદવ જણાવ્યું હતું. ઓગણીસ વર્ષનો આ શખ્સ ગોંડલના ચોરડી ગામે રહે છે અને પ્રાઈવેટ નોકરી કરે છે. યુવકના કબજામાં રહેલા ૨૪૦ ફીરકીઓ મળી આવી હતી. તે આવા ઘાતક દોરાની ફીરકીઓ ક્યાંથી લાવ્યો તેની તપાસ થઇ રહી છે.

# ગોંડલ-જેતપુરના બ્યુટી પાર્લર સંચાલકો સાથે ૧૦.૭૩ લાખની છેતરપિંડી

## ઓરિસ્સાના ભેજાબાજ દંપતીએ કોસ્મેટિક આઈટમની ફ્રેન્ચાઈઝી આપવાના બહાને કરી છેતરપિંડી

રાજકોટ, તા.૨૯

પ્રવર્તમાન સમયમાં ભેજાબાજ શખ્સો કોઈને કોઈ રીતે અબુધ તેમજ નબળા નાગરિકોને છેતરવાના કીમિયા ચાલુ જ રાખે છે. રોજબરોજ અનેક લોકો આવા ભેગાબાજોના ષડયંત્રમાં ફસાઈને લાખો રૂપિયા ગુમાવે છે. આવી જ વાત સાબિત કરતી એક ઘટના ગોંડલ અને જેતપુરમાં બહાર આવી છે. તેમાં ગોંડલના બ્યુટી પાર્લર સંચાલક મહિલાએ તેમને અને તેમની જેતપુર સ્થિત સહેલી સાથે ઓરિસ્સાના ચીટર દંપતિએ ૧૦,૭૩,૯૦૦ની છેતરપિંડી કરી હોવાની ઓરિસ્સાના દંપતી સીતાકાંત મહાપાત્રા અને તેમની પત્ની સુનિતા સીતાકાંત મહાપાત્રા સામે ગોંડલ સીટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા ઓરિસ્સાના દંપતીને પકડી પાડવા પોલીસે તજવીજ હાથ ધરી છે.

ગોંડલમાં ભવનાથ શેરી ૧૦માં. મામાદેવ મંદિર વાળી શેરીમાં રહેતા અને બ્યુટી પાર્લરનો વ્યવસાય કરતા રીટાબેન મેહુલભાઈ ગોરધનભાઈ લુણાગરિયાએ ગોંડલ સીટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ઓરિસ્સાના દંપતી સામે ફરિયાદ નોંધાવી છે. તેણીએ ફરિયાદમાં જણાવ્યું છે કે, પોતે તેમના કુટુંબ પરિવાર સાથે ઉપરોક્ત સરનામે રહે છે અને અનમોલ બ્યુટી પાર્લર નામની ઘરે જ કોસ્મેટિક આઈટમનો વ્યવસાય કરે છે. તેઓ ૨૨ વર્ષથી બ્યુટી પાર્લરનો વ્યવસાય કરે છે તેમજ કોસ્મેટિક આઈટમનું પણ




વેચાણ કરે છે. ટીવાયબીએ સુધી અભ્યાસ કરી ચૂકેલા રીટાબેને જણાવ્યું છે કે નોવોડેલ બ્યુટી કેર ના માલિક સીતાકાંત મહાપાત્રા અને તેમની પત્ની નીતાબેન સીતાકાંત મહાપાત્રા (રહે.બંને ઓરિસ્સા) વિરુદ્ધ વિશ્વાસઘાતની ફરિયાદ નોંધાવતા વધુમાં જણાવ્યું છે કે તેણી બ્યુટી પાર્લરના વ્યવસાય સાથે સંકળાયેલી હોય તેમજ બ્યુટી પાર્લરમાં લેવાતા બ્યુટી પ્રોડક્ટનો ઉપયોગ થતો હોવાથી ગત ૨૦૨૦ ના વર્ષમાં રીટાબેને તેમની સહેલી કે જેતપુરમાં મીરા બ્યુટી પાર્લર નામે શંકરવાડી, જેતપુર રોડ પર ગીતા નગર ખાતે ઘરે જ બ્યુટી પાર્લરનો વ્યવસાય કરે છે તે નીતાબેન મુકેશભાઈ સુખડિયા એમ બંને ભાગીદારીમાં નોવોડેલ કંપનીની બ્યુટી પ્રોડક્ટની ગોંડલમાં વેચાણ માટેની ડિસ્ટ્રીબ્યુટરશીપ રાખવાની હોવાથી ૨૦૨૨માં માલિક સિતાકાંત મહાપાત્રા તેમના બંનેના બ્યુટી પાર્લરમાં રૂબરૂ આવીને કહ્યું હતું કે તેઓની કંપનીનો જે માલ વેચશો તેના ઉપર પાંચથી દસ ટકા કમિશન આપશે તેમજ તમારે રૂપિયા પાંચ લાખ ડિપોઝિટ પેટે આપવા પડશે તેવી ઓરિસ્સાના દંપત્તિ સાથે મૌખિક સમજૂતી થઈ હતી.

એટલે સમજૂતી મુજબ તે જ વખતે રીટાબેને ૨૦મી જુન ૨૦૨૨ના રોજ રૂપિયા અઢી લાખ બેંક ખાતામાં ટ્રાન્સફર કરાવ્યા હતા તેમજ સાતમી ડિસેમ્બરના રોજ બીજા અઢી લાખ રૂપિયા તેમજ ૨૦મી ડિસેમ્બર સુધીમાં ૭૪ હજાર રૂપિયા ટ્રાન્સફર કરાવ્યા હતા. આમ કુલ ૩,૨૪૦૦૦ ઓરિસ્સાના દંપતીને આપ્યા હતા. તેમની સહેલી નીતાબેન મુકેશભાઈ સુખડીયાએ પણ અઢીલાખ રૂપિયા ડીપોઝીટ પેટે ટ્રાન્સફર કર્યા હતા.

રીટાબેન અને તેમને સહેલી એ ખરીદેલો બ્યુટી પાર્લરના અમુક માલની તારીખ એક્સપાયર થઈ જતા ઓરિસ્સાના દંપતીને આ બાબતે જાણ કરવામાં આવી હતી. ત્યારે ઓરિસ્સાના દંપતિએ તે માલ પરત મોકલવાનો કહ્યું હતુ પરિણામે રીટાબેને ૨૩ નવેમ્બર ૨૦૨૩ માં આશરે ૨.૫ લાખ રૂપિયાનો બ્યુટી પ્રોડક્ટનો માલ સીતાકાંતને કુરિયર મારફત પરત મોકલ્યો હતો.

સીતાકાંત સાથે જ્યારે પણ વાત કરતા ત્યારે તે કહેતો હતો કે માલ બાબતે ત કોઈપણ કામકાજ હોય તો તેમને પત્ની સુનીતાબેન સાથે વાત કરવી કેમ કે નોવોડેલ કંપની બ્યુટી કેર કંપનીના તેઓ માલિક છે અને તે પોતાની પત્ની સાથે કામકાજ સંભાળે છે. ગોંડલ અને જેતપુરના બ્યુટી પાર્લર સંચાલકો વેચાણ માલના પૈસા જે મોકલાવતા તે ડાયરેક્ટ સીતાકાન્ત લઈ લેતા હતા. આ રીતે તેઓની સાથે એક્સપાયરી ડેટનો માલ આવતા અને ગ્રાહકોમાં અસંતોષ ઊભા થતા તેમની સાથે વહેવાર કરવાનું માંડી વાળીને પરત પૈસાની અવારનવાર માગણી કરી હતી.

ત્યારે ઓરિસ્સાનું ઠગ દંપતિ પૈસા આપવાને બદલે તેઓને સ્કીમ મુજબ બીજો માલ લેવા કે તેમની સાથે ગોવા-કાશ્મીર થાઈલેન્ડ વગેરે જુદી જુદી જગ્યાએ પ્રવાસ કરવા તેમજ જેતપુરની બહેનપણી રેખાબેન અમિતભાઈ રૈયાણી પણ ડીલરશીપ માટે સહમત થઈને ૧૨મી જાન્યુઆરી ૨૦૨૩ના રોજ રૂ.૩,૫૯,૯૮૦ તેમજ રૂ. ૧,૩૯૯૯૦ મળી કુલ રૂ. ૪,૪૯૯૭૦ આરડીસી બેંક દ્વારા સીતાક્રાંતની કંપનીના ખાતામાં ટ્રાન્સફર કરાવ્યા હતા

બ્યુટી પાર્લરની બંને સંચાલિકાઓના કહેવા મુજબ ઓરિસ્સાનો ઠગ દંપતિ તેમના ઓર્ડર મુજબ અને પૈસા મોકલ્યા મુજબ માલ મોકલતો હતો. પરંતુ એક્સપાયરી ડેટવાળા પરત મોકલેલ માલના પૈસા પાછા આપવામાં ઠાગાઠૈયા કરવા લાગતા અંતે નીતાબેન મુકેશભાઈ સુખડિયાના તેમજ રેખાબેન અમિતભાઈના મળીને કુલ રૂપિયા ૧૦,૭૩,૯૭૦ પરત નહીં આપીને વિશ્વાસઘાત અને છેતરપિંડી કર્યાની ગોંડલ સીટી બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવતા પોલીસે ઓરિસ્સાના ઠગ દંપતીની શોધખોળ આદરી છે.

પતિ સાથે ઝઘડો થતાં મહિલા સંતાનોને લઇ દિલ્હીથી રાજકોટ આવી ગઇઃ ફોનમાં વ્યસ્ત હતી ત્યારે બાળકીને ઉઠાવી લેવાઇ

# રેલવે સ્ટેશનથી બાળકીનું અપહરણ : ૩ ઝબ્બે

## માતાએ દિકરીને ટ્રેન ઉપડી તેમાં એક મહિલા અને શખ્સ સાથે જોઇઃ બૂમાબૂમ કરતાં રેલ્વે પોલીસ આવીઃ મહામહેનતે પોલીસે અપહૃત અને અપહરણકાર મહિલા સહિત ત્રણને દ્વારકા તરફથી દબોચ્યાઃ બાળકીને શા માટે ઉઠાવી જવાઇ? આવા કેટલા ગુના આચર્યા? તે સહિતની તપાસ

રાજકોટ , તા. ૨૯

શહેરમાંથી બાળાઓ, સગીરાઓ ગૂમ થવાના રોજબરોજના કિસ્સાઓ વચ્ચે એક ચોંકાવનારી ઘટનામાં જંકશન રેલ્વે સ્ટેશનના પ્લેટફોર્મ પરથી એક વર્ષની બાળકીનું અપહરણ થઇ ગયું હતું. દિલ્હીથી સંતાનો સાથે આવેલી મહિલા ફોનમાં વાત કરતી હતી ત્યારે તેની દિકરી ગાયબ થઇગઇ હતી. આ પછી ટ્રેન ઉપડી ત્યારે એક મહિલા અને એક શખ્સ આ બાળકીને લઇને ટ્રેનમાં જતાં દખોયા હતાં. રેલ્વે પોલીસને જાણ કરતાં પોલીસે ભારે મથામણને અંતે અપહરણકાર મહિલા સહિત ત્રણને શોધી કાઢી બાળકીને તેના પરિવારને સોંપી હતી. અપહરણનો હેતુ શું? તે સહિતની તપાસ થઇ રહી છે.

વિગતો જોઇએ તો મુળ મોરબી પંથકની અને હાલ દિલ્હી રહેતી એક મહિલાની એક વર્ષ અને એક મહિનાની ઉમર ધરાવતી દિકરીનું રાજકોટ જંકશન રેલ્વે સ્ટેશન પરથી અપહરણ થઇ જતાં ચકચાર મચી ગઇ છે. મહિલાએ પ્લેટફોર્મ પરથી ટ્રેન ઉપડી ત્યારે પોતાની આ દિકરીને બે અજાણ્યા શખ્સો સાથે જોઇ હોઇ તેના આધારે બંને વિરૂધ્ધ ફરિયાદ દાખલ કરાવી હતી. રેલ્વે પોલીસે ઘટનાને ગંભીર ગણી તુરત તપાસ શરૂ કરી હતી. જેના ભાગ રૂપે દ્વારકાથી પોલીસે એક મહિલા અને બે શખ્સોને સકંજામાં લઇ પુછતાછ આદરી હતી. રાજકોટ રેલ્વે પોલીસે આ બનાવમાં મુળ મોરબીના રાતાભેર ગામના વતની અને હાલ દિલ્હી બેગમપુર બરવાળા રોડ હનુમાન ચોક, કાલી માતાના મંદિર પાસે રોહીણી શનીભાઇના મકાનમાં ભાડેથી રહેતાં બત્રીસ વર્ષના મહિલાની ફરિયાદ પરથી અજાણી એક મહિલા અને એક છોકરા સામે ગુનો નોંધ્યો હતો.

મહિલાએ જણાવ્યું હતું કે અમે મુળ મોરબીના રાતાભેરના વતની છીએ. પણ પાંચ વર્ષથી દિલ્હીમાં ફૂટપાથ પર ડ્રાયફ્રૂટનો છૂટક વેપાર કરતા મહિલા તા. ૨૬/૧૧/૨૦૨૫ના



રોજ સાંજે પતિ સાથે સામાન્ય ઝઘડો થતાં તેમના ચાર સંતાનોને લઇ દિલ્હીથી રાજકોટ જવા નીકળ્યા હતા. તા. ૨૮/૧૧/૨૦૨૫ના રોજ વહેલી સવારે ત્રણ વાગ્યે તેઓ રાજકોટ રેલવે સ્ટેશન પહોંચ્યા હતા. અહિ રાજકોટમાં પિતાજીના ઘરે પહોંચ્યા હતા, પરંતુ ત્યાં કોઈ રહેતું ન હોવાથી સવારે ૬:૩૫ વાગ્યે તેઓ ફરી સંતાનો સાથે રાજકોટ રેલવે સ્ટેશન આવી ગેટ નં. ૩૩માં બેઠા હતા. ફરિયાદી મહિલા સવારે સતત પતિ અને સાસુ સાથે ઘરેલું ઝઘડા અંગે મોબાઇલ ફોન પર વાતચીત કરી રહ્યા હતા, જ્યારે બાળકો આસપાસ રમી રહ્યા હતા. સવારે સવા દસ આસપાસ વાતચીત દરમિયાન તેની સૌથી નાની દીકરી જે ૧ વર્ષ ૩ મહિનાની છે પ્લેટફોર્મ નંબર ૧ ઉપર એકલી ચાલતી ચાલતી નિકળી ગઈ હતી.

મહિલાને ખ્યાલ આવતા તપાસ શરૂ કરી, પરંતુ બાળકી મળી નહોતી. દરમિયાન પોણા અગીયારેક વાગ્યે ટ્રેન નં. ૧૬૩૩૮ અરનાકુલમ-ઓખા એક્સપ્રેસ રાજકોટ પ્લેટફોર્મ નંબર ૧ ઉપર આવી હતી. માતા પોતાના ત્રણ સંતાનો સાથે પ્લેટફોર્મ પર તપાસ કરી રહ્યા હતા, ત્યારે ટ્રેન ઉપડતી હતી. આ સમયે એક મહિલા બાળકીને તેડીને ટ્રેનના આગળના જનરલ ડબ્બામાં ચઢતી જોવા મળી હતી. માતા અન્ય ત્રણ સંતાનો અને નાણાંના અભાવે ચાલુ ટ્રેનમાં ચઢી શક્યા ન હતા. તેમણે તાત્કાલિક રેલવે પોલીસ સમક્ષ ઉપરોક્ત વર્ણનવાળી મહિલા અને પુરુષ સામે અપહરણની શંકા સાથે ફરિયાદ નોંધાવી છે.

રેલવે પોલીસે ફરિયાદના આધારે ગુનો નોંધી, બાળકી અને અપહરણકર્તાઓની શોધખોળ માટે તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. પોલીસે તુરત તપાસ શરૂ કરી બાળકીનું અપહરણ કરનારા બે શખ્સ અને એક મહિલાને દ્વારકા તરફથી ઝડપી લઇ પુછતાછ શરૂ કરી છે. બાળકી હેમખેમ તેના પરિવારને મળી ગઇ છે. પણ બાળકીને ઉઠાવી જવાનો હેતુ શું હતો? આ ટોળકીએ અગાઉ આવા કોઇ ગુના આચર્યા છે કે કેમ? તે સહિતની તપાસ ઉચ્ચ અધિકારીઓની રાહબરીમાં થઇ રહી છે.

### શરૂઆતમાં સાંઇઠ હજારના દાગીના લઇ ગીરવે મુકી દીધા પછી બીજી રકમ પડાવી

# ગ્રહોની વિધીના નામે યુવાનને લાખોનો ચૂનો

## ભાડુઆત તરીકે રહેવા આવેલા મહારાજે સાગ્રીત સાથે મળી રોકડા દાગીના તો પડાવ્યા, ક્રેડીટ કાર્ડથી ફ્રીઝ-એસી પણ લઈ લીધા

રાજકોટ, તા. ૨૯

ગઠીયાગીરીની ઘટનાઓ એક ભુલો ત્યાં બીજી ચાર હાજર હોય છે. ઇન્ટરનેટ અને એઆઇના યુગમાં પણ લોકો અંધશ્રધ્ધામાં ઓતપ્રોત થઇ જતાં હોય છે અને છેતરાઇ જતાં હોય છે. ઘણીવાર તો લેભાગુ કહેવાતા તાંત્રીકો વિધીના બહાને જે તે મહિલા સાથે શારીરિક સંબંધો બાંધી લઇ રોકડા, દાગીના પણ પડાવતાં હોય છે. દરમિયાન એક એવી ઘટના સામે આવી છે જેમાં એક યુવાનના લગ્ન થતાં ન હોઇ ભાડાના મકાનમાં રહેવા આવેલા મહારાજે તમને ગ્રહોની નડતર છે કહી વિધીના બહાને રોકડ-દાગીના પડાવી લઇ ક્રેડીટ કાર્ડમાંથી ફ્રીઝ અને એસી પણ લઇ લીધા હતાં. આ ગઠીયાગીરી મામલે મહારાજ સહિત બે જણા સામે પોલીસે કાર્યવાહી કરી હતી.

વિગતો પર નજર કરીએ તો આ ઘટના વડોદરા શહેરમાં બની છે. અહિ ભાડાના મકાનમાં રહેવા આવેલા મહારાજે વિધિ કરવાના બહાને મકાન માલિકના યુવકના લગ્ન થતા ન હોય તેમને ગ્રહ નડે છે, તેમ કહીને વિધિ કરવી પડશે તેમ કહ્યું હતું. ત્યારબાદ યુવક પાસેથી ત્રણ લાખ સાંઇઠ હજારના દાગીના લીધા હતા અને એક લાખમાં ગીરવી મૂકી દીધા હતા. આ ઉપરાંત અન્ય બે લોકોને તાંત્રિક વિધિ કરવાનું કહી રૂ.૨.૩૦ લાખના દાગીના લઈ સોની પાસે ગીરવી મૂકી દીધા હતા અને કુલ પાંચ લાખ નેવુ હજારના દાગીના અને રોકડા પરત નહીં આપતા મહારાજ વિરૂધ્ધ ઠગાઈની વારસિયા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.

વધુ માહિતી જોઈએ તો શહેરના વાઘોડિયા રોડ પર આવેલી રાધે રત્નમ સોસાયટીમાં રહેતા કૃમિલ ભરતકુમાર ગાંધી ફરિયાદ નોંધાવી છે કે, મારું બીજું મકાન હરણી રોડ પર વિજયનગર સોસાયટી આવેલું છે, જે મકાન ભાડે આપવાનું હતું. અમારા પાડોશમાં રહેતા કૌશલભાઈ ચોક્સીએ મને ફોન કરી એક પતિ-પત્નિ ભાડેથી ઘર શોધે છે, તમારૂ મકાન ખાલી છે તે મકાન તમારે ભાડે આપવું હોય તો તમે તેમને મળી શકો છો તેમ જણાવ્યુ હતું. જેથી હું બીજા દીવસે અમારૂ વિજયનગરના મકાન પર પિતા ભરતકુમાર ગાંધી સાથે ગયો હતો. મકાન પર જઈને મકાન ભાડેથી લેવા ઈચ્છા ધરાવતા હિતેષભાઈ યાજ્ઞીક ઉર્ફે ઘનશ્યામ મહારાજને મળવા બોલાવ્યા હતા.



જેથી તેઓ ત્યાં આવતા મકાનની ડિપોઝિટ બાબતે વાત કરી હતી. હિતેષભાઈ મકાન ભાડેથી લેવા સહમત થયા હતા અને મકાનનું માસીક ભાડુ રૂપિયા ૫૩૦૦ નક્કી કર્યું હતું. બાદમાં તેરહેવા આવ્યા હતા. તેઓ તેમની પત્ની સાથે આ મકાનમાં ભાડેથી રહેતા હતા. અમારે તેઓ સાથે અવારનવાર ફોનથી વાતચીત થતી હતી. વાતચીત દરમિયાન મારે લગ્ન કરવાના હોય લગ્ન બાબતે પણ હિતેષભાઈ યાજ્ઞીક ઉર્ફે ઘનશ્યામ મહારાજ સાથે વાતો થતી હતી. દશરમિયાન રાત્રિના રોજ ફોન કરી તમારા લગ્નમાં ગ્રહો નડે છે, જેથી તમારા લગ્ન નક્કી થતા નથી, તેમ કહેતા મેં તેઓને ગ્રહો દુર કરવા માટે ઉપાય પૂછ્યો હતો.

આથી તેઓને ગ્રહ દુર કરવા માટે તમારા ઘરમાં રહેલા સોનાના દાગીનાની વિધિવત પૂજા કરવાથી ગ્રહો દુર થશે. વિધી કરવા માટે તમારે મને તમારા દાગીના આપવા પડશે, તેમ કહેતા મેં મારી માતા સાથે વાત કરી હતી. વિજયનગર ખાતે હિતેષ યાજ્ઞીકને મળવા ગયો હતો અને તેઓને મારી ૧ સોનાની વીંટી, ૧ સોનાની ચેઇન બન્નેનું વજન આશરે કિંમત અઢી લાખના દાગીના મેં વીધી કરવા માટે આરોપી હિતેષ ઉર્ફે ઘનશ્યામ મહારાજને આપતા ત્યારે તેઓએ વિધિ કરીને ૧૦ દિવસમાં દાગીના પરત આપવાની વાત મને કરી હતી. ઉપરાંત તે સિવાય મારા ક્રેડિટ કાર્ડ પરથી ચાલીસ ચાલીસ હજારના ફ્રીઝ એસી તથા રોકડ રૂપિયા ૩૦ હજાર મળી લીધા હતા. પરંતુ એસી, ફ્રીઝ અને રોકડા રૂપિયા અને વિધી માટે આપેલા સોનાના દાગીના મળી રૂ ૩.૬૦ લાખની મતા પરત હિતેષ યાજ્ઞીક ઉર્ફે ઘનશ્યામ મહારાજે આપ્યા નથી.

ત્યારબાદ અમે અમદાવાદ ખાતે સેટેલાઈટ પોલીસ સ્ટેશનમાં મળવા ગયા હતા, ત્યાં તેઓની પૂછપરછ દરમ્યાન આ મારા દાગીના રૂપિયા એક લાખમાં સોની તપન નવીનચંદ્ર શાહ પાસે ગીરવે મુકેલ હોવાનું અમને જણાવ્યુ છે. આ ઉપરાંત વિજયનગરમાં રહેતા રમેશભાઈ બાબુભાઈ સોનીના ઘરે નવચંડી યજ્ઞનું આયોજન કર્યું હતું. રમેશભાઈ બાબુભાઈ સોની હેન્ડીકેપ હોવાથી તેઓની માનસિક સ્થિતી સારી રહેતી ન હોવાથી તેઓની માનસિક શાંતી તથા ગ્રહો સુધારવા માટે વિધિ કરવા માટે હિતેષ યાજ્ઞિક રમેશભાઈ સોનીના ઘરે જઈ સોનાના દાગીના આપો, આ દાગીના સત્યાવીસ દિવસની વીધી કર્યા બાદ પરત આપીશ તેમ કહ્યું હતું.

જેથી રમેશભાઈ સોની પાસેથી રૂ.૧.૯૦ લાખના સોનાના દાગીના લીધા હતા. સત્યાવીસ દિવસ બાદ પણ રમેશભાઈ સોનીને દાગીના પરત આપ્યા ન હતા. આ દાગીના આરોપી હિતેષ યાજ્ઞિકે સોની તપન નવીનચંદ્ર શાહ પાસે રૂ.૩૫ હજારમાં ગીરવે મુકેલા હોવાનું જણાવ્યું હતું. આ જ રીતે આશિષભાઈ પ્રવિણભાઈ પરમારના ઘરે જઈ પોતે તાંત્રિક વિધિ કરે છે. તમારા ધંધામાં વધારો અને પ્રગતી કરવી હોય તો તમારે વિધિ કરાવવી પડશે, તેમ કહી તેમની પાસેથી ચાલીસ હજારની વીંટી સોની તપન નવીનચંદ્ર શાહ પાસે ગીરવે મુકી હતી. આ મામલે વારસિયા પોલીસે હિતેષભાઈ યાજ્ઞીક ઉર્ફે ઘનશ્યામ મહારાજ અને તપન નવીનચંદ્ર શાહ સામે પોલીસ ફરિયાદ નોંધીને વધુ તપાસ હાથ ધરી હતી. આમ વિધીના બહાને વધુ એક ઠગાઇ થઇ ગઇ હતી.

# વારંવાર ડ્રાઇવ છતાં દૂષણ અટકતા નથી વધુ ૧૬ ડમડમ હાલતમાં પકડાયા

## દારૂની બદ્દીને ડામવાના પોલીસના પ્રયાસો સારા પરંતુ વેંચનારા, પીનારાઓને નથી ડર

રાજકોટ, તા. ૨૯

શહેરમાં ગુનાખોરી ઘટાડવાના ભાગ રૂપે અને જાહેરમાં નશો કરી છરી સહિતના હથીયારો લઇને નીકળનારા તેમજ દેશી દારૂની હેરફેર કરનારાઓ સામે કાર્યવાહી કરવા નિયમીત ડ્રાઇવ યોજાય છે. વધુ એક ડ્રાઇવરમાં અલગ અલગ વિસ્તારમાંથી પોલીસે દારૂ પી ડમડમ થઇ નીકળેલા અને દારૂ સાથે નીકળેલા અઢાર ઝડપાઇ જતાં પોલીસે કાયદાનું ભાન કરાવ્યું હતું.



વિગતો જોઇએ તો શહેરના અલગ-અલગ વિસ્તારમાં પોલીસ દ્વારા ડ્રાઇવ યોજવામાં આવી હતી. જેમાં ડીસીપી ઝોન-૧ની એલસીબી તથા પોલીસ મથકના સ્ટાફે ચેકીંગ દરમ્યાન શખ્સોને પકડ્યા હતાં. પ્રનગર પોલીસે જંકશન મેઇન રોડ પર નશોકરી એકટીવા લઇને નીકળેલા રજની વિનોદરાયભાઇ જસાણીને તથા એડીવીઝન પોલીસ ભકિતનગર ઇન્ડસ્ટ્રીયલ એરીયામાંથી રૂા. ૨૦૦ના દેશીદારૂ સાથે આકાશ પ્રકાશભાઇ રોમન, તથા લોહાનગરમાંથી રૂા.૨૦૦ના દેશીદારૂ સાથે અમીત ધીરૂભાઇ મેરને, લોહાનગરમાંથી રૂા.૨૦૦ના દેશી દારૂ સાથે કમલેશ રમેશભાઇ કુકાવાને પકડી લીધો હતો. જયારે બી-ડીવીઝન પોલીસે જુનામોરબી રોડ પર રેલવેના પાટાપાસેથી રૂા.૮૦૦નો દેશીદારૂ કબ્જે કર્યો હતો. જયારે અનીલ જેન્તીભાઇ માલકીયા નાશી જતા તેની શોધખોળ હાથધરી છે.

જયારે ડીસીપી ઝોન -૧ એલ.સી.બી.ની ટીમે સંતકબીર રોડપર વરલી ફીચરનો જુગાર રમતા સુલતાન કરીમખાન જલવાણીને પકડી લીધો હતો. જયારે એરપોર્ટ પોલીસે કુચીયાદડ પાસેથી રૂા.૧૦૦૦ના દેશી દારૂ સાથે ધનજી બાજુભાઇ વાઘેલાને પકડી લીધો હતો. તેમજ ડીસીપી ઝોન-૧ની એલસીબીની ટીમે થોરાળામાં ૮૦ ફૂટ રોડ પર યુન્ડાઇના શોરૂમ સામેથી રૂા.૧૦,૦૦૦ના દેશી દારૂ સાથે વિશાલ અશોકભાઇ સોલંકીને તથા ચુનારાવાડ ચોક શાકમાર્કેટ સામેથી રૂા.૧૨૦૦ના દેશી દારૂ સાથે કમુ ધીરૂભાઇ બાવળીયાને, રૂા.૧૦૦ના દેશી દારૂ સાથે અલ્તાફ ઇબ્રાહીમભાઇ મુલતાનીને લાખાજીરાજી ઉદ્યોગનગર પોલીસ સ્ટેશનની પાછળના ભાગેથી રૂા.૨૦૦૦ના દેશી દારૂ સાથે કવીતા ધર્મેશભાઇ મકવાણાને પકડી લઇ કાર્યવાહી કરી હતી. આવી જ રીતે ગાંધીગ્રામ પોલીસે રૈયારોડ પરથી રૂા.૧૨૦૦ દારૂ સાથે જલ્પા કિશનભાઇ જખાણીયાને પકડી લીધી હતી.

યુનિવર્સિટી પોલીસ રૈયાધાર પાણીના ટાંકા પાછળ મફતીયાપરમાંથી રૂા. ૨૦૦૦નો દેશીદારૂ કબ્જે કરી નાશીજનાર અનીશા તોફીક ખાંડુની શોધખોળ હાથધરી છે. જયારે ગુરૂજીનગર આવાસ યોજના કવાટર પાછળ નોનેવેજની દુકાનમાંથી રૂા. ૩૦૦૦ના દેશીદારૂ સાથે રૂકસાના એજાજભાઇ સુમરાને તથા રૈયાધાર મફતીયા પરમાંથી રૂા.૧૦૦૦ના દેશીદારૂ કબજેકરી ગૌરી શનિભાઇ પરમારની શોધખોળ આદરી છે. જયારે ભકિતનગર પોલીસે કોઠારીયા રોડપર નશોકરી નીકળેલા રવીરાજ રમેશભાઇ જાદવને તથા માલવીયા નગર પોલીસે દોઢસોફૂટ રોડપરથી રૂા.૧૦૦૦ના દેશીદારૂ સાથે કુસુમ પિયુષભાઇ સોલંકીને તથા તાલુકા પોલીસે મોટામવા સ્મશાન પાસેથી રૂા.૨૦૦૦ના દેશીદારૂ સાથે ગોરધનાઇ જકશીભાઇ સાડમીયાને પકડી લઇ કાર્યવાહી કરી હતી. આ પ્રકારની ડ્રાઇવ અવાર-નવાર યોજાય છે છતાં આવા દૂષણ અટકતા નથી તે પણ હકિકત છે.

### રહેણાંક નજીક સાઇટ પર પાણી ભરવા ગયા પછી ગાયબ


# ૧૨ વર્ષની બાળા પાણીની ડોલ ભરી એકવાર આવી, બીજી વાર ગઇ તે ગઇ!

## પાળ રોડ પર ઝૂપડામાં રહી મજૂરી કરતા પરપ્રાંતિય દંપતિની દિકરી ગુમ

રાજકોટ, તા. ૨૯

વધુ એક બાળા-સગીરા શહરેમાંથી ગાયબ થઇ ગઇ છે. પોલીસે રાબેતા મુજબ નિયમઅનુસાર અપહરણનો ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી દીધી છે. પાળ રોડ વિસ્તારમાંથી એક શ્રમિક પરિવારની બાર વર્ષીય દીકરી ગૂમ થતાં પોલીસને જાણ કરવામાં આવતાં તાલુકા પોલીસે અપહરણની કલમો હેઠળ એફઆઇઆર દાખલ કરી છે.

વિગતો પર નજર કરીએ તો આ બાળા પરિવાર સાથે જ્યાં રહે છે તે ઝૂપડેથી નજીકની સાઇટ પર બાળા પાણીની ડોલ ભરવા ગઇ હતી, એક ડોલ ભરીને આવ્યા પછી ફરીથી ગયા બાદ ગાયબ થઇ ગઇ હતી. મુળ મધ્યપ્રદેશના અને હાલમાં પાળ રોડ શ્રીનાથજી હોટલ નજીક ઝૂંપડામાં રહી પતિ સાથે મજૂરી કરતાં મહિલાએ ફરિયાદમાં જણાવ્યું છે કે છવ્વીસમી તારીખના સાંજે આશરે સાડા છએક વાગ્યાના અરસામાં તેની બાર વર્ષની દિકરી પાણીની ડોલ ભરવા માટે નજીકમાં ચાલી રહેલા કડિયાકામની સાઇટ પર જવાનું કહીને નીકળી હતી.પાણીની એક ડોલ ભરીને આવ્યા બાદ તે



બીજી વાર પાણી ભરવા ગઈ હતી.

પરંતુ ત્યારબાદ પરત ફરી નહોતી. થોડો સમય રાહ જોયા બાદ તેણીને પોતે શોધવા ગયા હતાં પણ દિકરી ક્યાંય મળી આવી નહોતી. ત્યારબાદ પતિ-પત્નિએ આજુબાજુ તથા સગા-સંબંધીઓને ફોન કરીને તપાસ કરી હતી, તેમ છતાં બાળકીનો કોઈ પત્તો લાગ્યો નહોતો. અંતે પોલીસને જાણ કરી હતી. તાલુકા પોલીસ સ્ટેશનના ઇન્સ. ડી. એમ. હરીપરાની રાહબરીમાં પીએસઆઇ એસ. પી. ચૌહાણ, કિરીટભાઇ રામાવતે અપહરણનો ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. બાળા ઘઉં વર્ણની છે અને તેની ચાઈ આશરે ૫ ફૂટ ૩ ઈંચ જેટલી છે. તે ઘરેથી નીકળી ત્યારે માટી જેવા નળિયા કલરનો ચણીયો, ઘાઘરો અને જાખલો પહેરેલા હતાં. તેના શરીરે પેટના ભાગે વાગેલાનું નિશાન છે. તે હિન્દી અને ગુજરાતી ભાષા જાણે છે. બાળા વિશે કોઈ માહિતી હોય તો તાત્કાલિક નજીકના પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવો. દિકરી ગૂમ થઇ જતાં મજૂર પરિવારજનો આકુળ વ્યાકુળ થઇ ગયા છે.

### કોઠારીયા સોલવન્ટ પાસે વધુ એક જીવલેણ અકસ્માતઃ વધુ એક પરિવારે મોભી ગુમાવ્યા

# મવડીના વૃધ્ધ માટે બસ બની 'કાળ'

## અગાઉ કામ કરતાં એ કારખાને ચક્કર લગાવી પરત ઘરે ફરતા હતાં ત્યારે રસ્તામાં કાળ ભેટી ગયોઃ મવડીના પરિવારજનોમાં શોક

રાજકોટ, તા. ૨૯

જીવલેણ વાહન અકસ્માતની વધુ એક ઘટના બની છે. જેમાં વધુ એક પરિવારના મોભીનો જીવ ગયો છે. આ વખતે બસ એક વૃધ્ધ માટે કાળ બની ગઇ હતી. મવડી વિસ્તારમાં રહેતાં એક વૃધ્ધ ગોંડલ રોડ કોઠારીયા સોલવન્ટ ફાટક પાસે ચાલીને જતાં હતાં ત્યારે બસની અડફેટમાં આવી જતાં મોત થયું હતું.

વધુ માહિતી જોઇએ તો મવડી ચોકડી પાસે ન્યુ જલારામ સોસાયટી-૨માં રહેતાં ભરતભાઇ મોનજીભાઇ અંબાસણા નામના પાંસઠ વર્ષના




વૃધ્ધ કોઠારીયા સોલવન્ટ ફાટક પાસે ચાલીને જતાં હતાં ત્યારે અજાણી બસની ઠોકરે આવી જતાં ગંભીર ઇજા થઇ હતી. બનાવને પગલે લોકો ભેગા થઇ ગયા હતાં અને કોઇએ ૧૦૮ બોલાવી તેમને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતાં. પરંતુ અહિ મોડી રાતે તેમનું મોત થયું હતું. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે કરતાં આજીડેમ પોલીસે કાર્યવાહી કરી હતી. મૃત્યુ પામનાર ભરતભાઇ ત્રણ ભાઇ અને એક બહેનમાં મોટા હતાં. તેમને સંતાનમાં એક દિકરો અને ચાર દિકરી છે.

વિશેષ વિગતો અનુસાર પોતે હાલ નિવૃત જીવન જીવતા હતાં. અગાઉ કોઠારીયા સોલવન્ટના એક કારખાનામાં કામ કરતાં હોઇ ગઇકાલે તેઓ ત્યાં આટો મારવા જવાનું નક્કી કરી મવડીથી સીટી બસમાં બેસી કોઠારીયા સોલવન્ટ ફાટક પાસે ઉતર્યા હતાં. ત્યાંથી પગપાળા જુના કામના સ્થળે જઇ ત્યાં થોડીવાર બેસી પરત ઘરે આવવા નીકળ્યા ત્યારે સોલવન્ટ ફાટક પાસે બસની ઠોકરે ચડી ગયા હતાં અને ગંભીર ઇજા થવાથી મોત થયું હતું. પોલીસે બસ ચાલક અંગે તપાસ હાથ ધરી છે. મોભીના મોતથી અંબાસણા-સુથાર પરિવારમાં ગમગીની વ્યાપી ગઇ હતી. પોલીસે જીવલેણ અકસ્માત સર્જનારા બસ ચાલક સામે કાર્યવાહી હાથ ધરી હતી.

### મનમેળ ન હોઇ જામનગર સ્થિત પતિને છોડી ત્રણ વર્ષથી રાજકોટ રહેતી હતી

# ભાઇના મિત્રને વિડીયો કોલ કરી પરિણીતાનો આપઘાત


## હું કોર્ટ કેસથી અને કોર્ટના ધક્કાથી કંટાળી ગઇ છું તેવુ કહી ફાંસો ખાઇ લીધોઃ વાવડી રોડના એપાર્ટમેન્ટમાં બનાવ

## ભાઇ પહોંચ્યો ત્યારે બહેન લટકતી મળીઃ કમનસિબે સારવારમાં દમ તોડી દીધોઃ માસુમ દિકરો માઁ વિહોણો થયો

રાજકોટ, તા. ૨૯

અલગ અલગ કારણોસર જીવતર ટુંકાવી લેવાની ઘટનાઓ રોજબરોજ બનતી રહે છે. દરમિયાન વધુ એક પરિણીતાએ મોતનો રસ્તો પકડી લીધો છે. શહેરના વાવડી વિસ્તાર એંસી ફુટ રોડ પર મટુક રેસ્ટોરન્ટ પાસે ગોવિંદરત્ન એપાર્ટમેન્ટમાં દિકરા સાથે ભાડેથી એકલી રહેતી ત્રીસ વર્ષની પરિણીતાએ ભાઇના મિત્રને વિડીયો કોલ કરી પોતે જામનગર રહેતાં પતિ સામેના કોર્ટ કેસથી અને ધક્કા ખાઇને કંટાળી ગઇ છે તેવુ કહી ગળાફાંસો ખાઇ લીધો હતો. ઘટનાને પગલે આ મહિલાના ભાઇ તુરત ત્યાં પહોંચી ગયા હતાં અને તેણીને સારવાર માટે ખસેડી હતી. પરંતુ કમનસીબે જીવ બચ્યો નહોતો.

વિગતો પર નજક રીએ તો ગોવિંદરત્ન એપાર્ટમેન્ટમાં રહેતી ત્રીસ વર્ષની ઉર્વશીબેન નયનભાઇ ધોકીયા નામની પરિણીતાએ ગળાફાંસો ખાઇ આપઘાત કરી લીધો છે. જામનગર સાસરૂ ધરાવતી આ પરિણીતાને પતિ સાથે મનમેળ ન હોઇ ત્રણેક વર્ષથી રાજકોટ માવતરે આવી ગઇ હતી. હાલમાં સાત વર્ષના દિકરા સાથે અલગ ભાડેથી રહેતી હતી. તેણે ભાઇના મિત્રને વિડીયો કોલ કરી પોતે કોર્ટ કેસથી અને ધક્કા ખાઇ ખાઇને કંટાળી ગઇ છે અને હવે મરી જવાની છે તેવુ કહ્યું હતું. આ પછી ફાંસો ખાઇ લીધો હતો. બનાવને પગલે તેણીનો ભાઇ અને ભાઇનો મિત્ર તુરત જ પહોંચ્યા હતાં અને સારવારમાં ખસેડી હતી પણ જીવ બચ્યો નહોતો. ઉર્વશીબેન ધોકીયા ગોવિંદરત્નમાં ભાડેથી પોતાના પુત્ર સાથે એકલી રહેતી હતી. ગઇકાલે ઉર્વશીબેને પોતાના ભાઇ યાજ્ઞિકભાઇના મિત્રને વિડીયો કોલ કર્યો હતો અને પોતે પતિ સામેના કોર્ટ કેસથી અને કોર્ટના ધક્કા ખાઇ ખાઇને કંટાળી ગઇ છે તેવી વાત કરી પોતે ગળાફાંસો ખાઇ રહી છે.



આ વાત સાંભળતા જ તેણીના ભાઇના મિત્ર કે જે વિડીયો કોલમાં હતાં તે ચોંકી ગયા હતાં અને તેણે તુરત મિત્ર યાજ્ઞિકભાઇને જાણ કરી હતી. આથી નજીકમાં જ ગોવર્ધન ચોક રોયલ એલીગન્ટ એપાર્ટમેન્ટમાં રહેતાં તેણીના ભાઇ યાજ્ઞિકભાઇ તુરત જ બહેનના ઘરે પહોંચી ગયા હતાં. ત્યારે બહેન લટકતી હાલતમાં મળતાં બેભાન હાલતમાં નીચે ઉતારી બેભાન હાલતમાં સિવિલ હોસ્પિટલમાં ખસેડ્યા હતાં. જો કે સારવાર દરમિયાન મોડી રાતે ઉર્વશીબેને દમ તોડી દીધો હતો. આ બનાવની જાણ હોસ્પિટલ પોલીસ ચોકીના એએસઆઇ એ. જી. મકવાણાએ જાણ કરતાં તાલુકા પોલીસ સ્ટેશનના પીએસઆઇ એસ. પી. ચૌહાણ, કિરીટભાઇ રામાવત સહિતના સ્ટાફે પહોંચી જરૂરી કાર્યવાહી કરી હતી.

પોલીસની પ્રાથમિક તપાસમાં ખુલ્યા મુજબ ઉર્વશીબેનના લગ્ન દસ વર્ષ પહેલા જામનગરના નયનભાઇ ધોકીયા સાથે થયા હતાં. સંતાનમાં સાત વર્ષનો દિકરો છે. પતિ પત્નિ વચ્ચે કોઇ વાતે કલેશ થતાં તેણી ત્રણેક વર્ષ પહેલા દિકરાને લઇ રાજકોટ માવતરે આવી હતી. હાલમાં તે માવતરથી અલગ ગોવિંદરત્ન એપાર્ટમેન્ટમાં પુત્ર સાથે એકલી રહેતી હતી અને ઘર નજીક જ રેડીમેઇડ કપડાની દૂકાન ચલાવતી હતી. થોડા મહિના પહેલા તેણે પતિ વિરૂધ્ધ કોર્ટ કેસ પણ કર્યો હતો. ગઇકાલે દિકરો તેના નાના-નાનીના ઘરે હોઇ ત્યારે તેણીએ ભાઇના મિત્રને વિડીયો કોલ કરી પોતે કોર્ટ કેસથી અને કોર્ટના ધક્કા ખાઇ ખાઇને કંટાળી ગયાનું કહી ગળાફાંસો ખાઇ લીધો હતો. સારવાર દરમિયાન મોત થતાં પરિવારમાં કલ્પાંત સર્જાયો હતો. આ ઘટના પાછળ કયુ કારણ ખરેખર જવાબદાર છે? તેની તપાસ અંતિમવિધી બાદ પોલીસ દ્વારા કરવામાં આવશે.

ગઠીયાએ સવાત્રણ કિલો વોટની પેનલ ફીટ કરવા દોઢ લાખનો ખર્ચ ગણાવ્યો, તેમાંથી અઠ્યોતેર હજારની સબસીડીની વાત કરી હતી

# સબસીડીના નામે ૭ લોકોને 'ઠગાઈનો કરંટ'

## સબસીડી ન મળતાં તપાસ કરતાં ખબર પડી કે આવી કોઇ સરકારી યોજના જ નથીઃ છેતરાયેલા ભગવતીપરાના લોકોની બી-ડિવીઝનમાં ફરિયાદ

રાજકોટ, તા. ૨૯

થોડા દિવસો પહેલા શહેરની એક હોટેલમાં સોલાર પેનલ ફીટ કરવાના નામે એક ગઠીયો લાખોની ઠગાઇ કરી ભાગી ગયાનો ગુનો દાખલ થયો હતો. ત્યાં વધુ એક આવો બનાવ સામે આવ્યો છે. જેમાં એક ગઠીયો એક સાથે સાત જણા સાથે સોલાર પેનલ ફીટીંગ અને સબસીડીના નામે છેતરપીંડી કરી ગયો છે. આ ઘટના ભગવતીપરા વિસ્તારમાં બની છે.

વિગતો પર નજર કરીએ તો સોલાર પેનલ ફીટ કરી સબસીડી અપાવી દેવાના નામે એક શખ્સ સાત લોકો સાથે ફ્રોડ આચરી ભાગી જતાં આ આ બનાવમાં બી-ડિવીઝન પોલીસે ભગવતીપરા મેઈન રોડ જયપ્રકાશનગર-૨માં રહેતાં અઠાવન વર્ષના હીરાઘસુ વિનોદભાઇ ખોડાભાઇ સોલંકીની ફરિયાદ પરથી જામકંડોરણાના બોરીયા ગામના મંથન દિનેશભાઇ સતાસીયા વિરૂધ્ધ સોલાર પેનલ નાંખવાના નામે રૂપિયા લીધા બાદ સબસીડીના ૭૮ હજાર પાછા નહિ અપાવી ઠગાઇ કર્યાનો ગુનો દાખલ કરાયો છે. વિનોદભાઈએ ફરિયાદમાં જણાવ્યું છે કે તેમણે તેમના ઓળખીતા મારફતે શ્રીજી ઇલેક્ટ્રીકના મંથન સતાસીયાનો સંપર્ક કર્યો હતો. તા. ૫/૨ના રોજ મંથન સતાસીયાએ વિનોદભાઈના ઘરે આવીને ૩.૨૫ કિલોવોટની સોલાર પેનલ ફીટ કરવા માટે કુલ રૂ. ૧,૫૨,૦૦૦નો ખર્ચ જણાવ્યું હતો.

મંથને એવુ પણ કહ્યું હતું કે જે રકમ તમે આપશો તેમાં સરકાર તરફથી રૂ. ૭૮,૦૦૦ની સબસિડી મળવાની ખાતરી આપી હતી અને સબસિડીની તમામ પ્રક્રિયા પોતે જ કરી આપશે તેમ જણાવ્યું હતું. આ વિશ્વાસના આધારે વિનોદભાઈએ તેમના પિતા ખોડાભાઈના નામે




પેનલ નખાવવાનું નક્કી કર્યું. તેમણે અગીયાર ફેબ્રુઆરીના રોજ રૂ. ૮૦,૦૦૦ અને ત્યારબાદ આઠેક દિવસ પછી બાકીના રૂ. ૭૨,૦૦૦ મળીને કુલ રૂ. ૧,૫૨,૦૦૦ રોકડા મંથન સતાસીયાને ચૂકવી આપ્યા હતા.

પૈસા ચૂકવ્યા બાદ દોઢ મહિનામાં પેનલ ફીટ કરવાના વાયદા છતાં, આશરે પાંચ મહિના પછી પેનલ ફીટ કરવામાં આવી હતી અને પીજીવીસીએલનું મીટર પણ લાગી ગયું હતું. જો કે પેનલ લાગ્યાના એકાદ મહિના પછી પણ જ્યારે સબસિડીના રૂ. ૭૮,૦૦૦ વિનોદભાઈના બેન્ક ખાતામાં જમા ન થયા, ત્યારે તેમણે મંથનનો વારંવાર સંપર્ક કર્યો હતો, પરંતુ દરેક વખતે 'થઇ જશે' તેમ કહીને તે વાત ટાળી દેતો હતો. બાદમાં વિનોદભાઈએ અન્ય એજન્ટ મારફતે તપાસ કરાવતા તેમને જાણવા મળ્યું કે તેમના ઘરે ફીટ કરવામાં આવેલી સોલાર પેનલ સબસિડી મેળવવાને પાત્ર જ નહોતી, જેના કારણે સબસિડી મંજૂર થઈ નહોતી.આ છેતરપિંડીનો ભાંડો ફૂટતા મંથન દિનેશભાઈ સતાસીયા પોતાની શ્રીજી ઇલેક્ટ્રીકની દુકાન ખાલી કરીને ફરાર થઈ ગયો હતો.


વિનોદભાઈએ તેમની ફરિયાદમાં જણાવ્યું છે કે મંથન સતાસીયાએ માત્ર તેમની સાથે જ નહીં પરંતુ બીજા છ લોકો દિપકભાઈ સમભાઈ બારડ, લીલાવતીબેન રાજેશભાઈ ધડુક, દિનેશભાઈ ભીખાભાઈ વસોયા, અશોકભાઈ તેજાભાઈ રાદડીયા, નારણભાઈ નરશીભાઈ રાઠોડ અન વિશાલભાઈ કાળુભાઈ રાઠોડ સહિત કુલ ૭ જેટલા વ્યક્તિઓ સાથે પણ આ રીતે ઠગાઇ કરી છે. તમામ ભોગ બનેલા વ્યક્તિઓએ સાથે મળીને રાજકોટ ક્રાઇમ બ્રાન્ચમાં અરજી કરી હતી અને હવે કાયદેસર ગુનો દાખલ કરવા માટે ફરિયાદ નોંધાવવામાં આવી છે. બી-ડિવીઝન ઇન્સ. એસ. એસ. રાણેની રાહબરીમાં હેડકોન્સ. ગરચરે ફરિયાદ દાખલ કરતાં વધુ તપાસ શરૂ થઇ છે.

---

એક ટોળકી પકડાય, જેલમાં જાય ત્યાં નવી ટોળકી શરૂ કરે ગુનાખોરી

# વૃધ્ધાની બે લાખની બંગડી સેરવી રીક્ષાગેંગ છું

## જીવરાજ પાર્કના વૃધ્ધાને મુસાફર તરીકે બેસાડી ધક્કામુક્કી કરી બંગડીઓ ઉતારી લઇ 'રિક્ષામાં પંચર છે' કહી ઉતારી મુક્યાઃ બે મહિલા સહિત ચારને શોધે છે તાલુકા પોલીસ, એલસીબીની ટીમો



રાજકોટ, તા. ૨૯

મુસાફરોને ખાસ કરીને વયોવૃધ્ધને રિક્ષામાં બેસાડી પછી ઉલ્ટી ઉબકાનું નાટક કરી કે ધક્કામુકી કરી જે તે મુસાફરના પર્સમાંથી રોકડ, ગળામાંથી ચેઇન કે પછી હાથમાંથી બંગડીઓ ઉતારી લઇ તેને અધવચ્ચે ઉતારી મુકી ભાગી જતાં અનેક અલગ અલગ રિક્ષાગેંગ શહેરમાં છાસવારે સમયાંતરે પોતાની કરતૂતો પોલીસ ચોપડે ચડાવતી રહે છે. આવી ગેંગ પકડાય છે, છુટે છે અને ફરી આવા ગુના આચરે છે. વધુ એક નવી ગેંગે આ વખતે એક વૃધ્ધાને શિકાર બનાવ્યા છે. આ ઘટના નાના મવા રોડ વિસ્તારમાં બની છે. જેમાં વૃધ્ધાના હાથમાંથી બે લાખની સોનાની બંગડીઓ ઉતારી લેવામાં આવી છે.

વિગતો જોઇએ તો શહેરમાં વધુ એક વખત રિક્ષાગેગ સામે પોલીસે એફઆઇઆર દાખલ કરી છે. નાના મવા રોડ જીવરાજ પાર્ક વિસ્તારમાં રહેતા ઓગણસાંઇઠ વર્ષીય એક નિવૃત્ત વૃધ્ધાને ઓટોરિક્ષામાં બેસાડ્યા આપ્યા બાદ ધક્કા-મુક્કી કરી તેમના હાથમાંથી બે લાખની સોનાની બંગડી ઉતારી લઇ બાદમાં રિક્ષામાં પંચર પડ્યાનું નાટક કરી વૃધ્ધા પાસેથી ભાડુ પણ લીધા વગર તેમને ઉતારી મુકી ચાલક સહિતના ચાર શખ્સો ભાગી ગયા હતાં. જેમાં બે મહિલા પણ સામેલ હતી. આ બનાવમાં તાલુકા પોલીસે જીવરરાજ પાર્ક કસ્તુરી રેસીડેન્સીમાં રહેતાં ઓગણસાંઇઠ વર્ષના શાંતિદેવી બલવંતપ્રસાદ પટેલની ફરિયાદ પરથી રિક્ષાચાલક અને ત્રણ અજાણ્યા શખ્સો સામે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ભોગ બનેલા વૃધ્ધાએ જણાવ્યું છે કે તેઓ શુક્રવારે સવારે સાડા નવેક વાગ્યે બી.પી.ની દવા લેવા માટે કસ્તુરી રેસીડેન્સીથી ચાલીને જઈ રહ્યા હતા. આ સમયે તેમની પાછળથી આવેલી એક ઓટોરિક્ષા તેમની પાસે ભી રહી હતી. રિક્ષા ડ્રાઇવરે તેમને પૂછ્યું કે ક્યાં જવું છે? પુછતાં વૃધ્ધાએ મવડી ગામ બાપાસીતારામ ચોક જવાનું છે કહેતાં તેણે બેસી જવાનું કહ્યું હતું. આ રિક્ષામાં પાછળ અગાઉથી જ એક પુરૂષ અને બે મહિલા બેઠા હતાં. જેમાંથી એક પુરૂષ નીચે ઉતરી ગયો હતો અને વૃધ્ધાને અંદર બેસવા કહ્યું હતું. શાંતિદેવી રિક્ષામાં બેસી ગયા પછી થોડેક આગળ જતાં જ પાછળની સીટ પર બેઠેલા આ ત્રણેયએ અચાનક આડાઅવળી ધક્કા-મુક્કી શરૂ કરી દીધી હતી. રિક્ષા મવડી ગામ તરફ જતા પુલ પાસે અવધ રેસીડેન્સી નજીક મુખ્ય માર્ગ પર પહોંચી ત્યારે રિક્ષા ડ્રાઇવરે 'આગળની સાઇડમાં પંચર પડી ગયું છે' તેવું બહાનું આપી વૃદ્ધાને નીચે ઉતરી જવા કહ્યું હતું.

આથી વૃધ્ધાએ ભાડુ આપ્યું હતું. પરંતુ ચાલક અને સાથેના ત્રણેય ભાડુ લીધા વગર જ ઝડપથી રિક્ષા લઇ નીકળી ગયા હતાં. રિક્ષા જતી રહ્યા બાદ વૃદ્ધાની નજર તેમના ડાબા હાથ પર પડતાં જ તેમણે જોયું કે હાથમાં પહેરેલી સોનાની બંગડી ગાયબ હતી. તેમને તાત્કાલિક ચોરી થયાની જાણ થતાં જ તેમણે તેમના પુત્રવધૂ વંદનાબેનને ફોન કરીને સમગ્ર ઘટનાની જાણ કરી હતી. પુત્રવધૂ અને ત્યારબાદ બંને પુત્રો વિજયભાઈ અને અશોકભાઈ બનાવ સ્થળે પહોંચ્યા હતા. પુત્ર અશોકભાઈએ તાત્કાલિક ૧૧૨ પર કોલ કરીને પોલીસને જાણ કરી હતી. તાલુકા પીઆઇ ડી. એમ. હરીપરાની રાહબરીમાં પીએસઆઇ એસ. પી. ચૌહાણ, કિરીટભાઇ રામાવતે ગુનો નોંધી તપાસ હાથ હાથ ધરી હતી. આ ટોળકીને ઝડપી લેવા તાલુકા પોલીસ ડી. સ્ટાફ ટીમ, એલસીબી ઝોન-૨ ટીમ કામે લાગ્યા છે. આરોપી ઝડપથી ઝડપાઇ જવાની શક્યતા છે.

---

# ૬ા લાખનો દારૂ ભરેલું વાહન પકડાયું

## બેડીપરાનો ડ્રાઈવર ઝડપાયોઃ દમણનો શખ્સ આપી ગયાનું કબુલ્યું

રાજકોટ, તા. ૨૯

દારૂબંધીનો અમલ કરાવવા મથતી પોલીસ રોજબરોજ દારૂના દરોડા પાડે છે. સંદતરે આ દુષણ બંધ કરી શકાય તેમ નથી તે સૌ કોઇ જાણે છે. આ વચ્ચે શહેર ક્રાઇમ બ્રાંચે કુવાડવા રોડ નાગબાઇ પાનવાળા ખુણી જુના મોરબી રોડના રસ્તા પરના ખુલ્લા પ્લોટમાં દરોડો પાડી બેડીપરા શ્રમજીવી સોસાયટી-૩માં રહેતાં પ્રતિક ભરતભાઇ ખસીયાને રૂા. ૬,૫૩,૧૮૪નો દારૂનો જથ્થો ભરેલા મારૂતિ કેરી માલવાહક વાહન સાથે પકડી લીધો હતો. તપાસમાં આ દારૂ દમણનો શખ્સ આપી ગયાનું ખુલ્યું હતું.



પોલીસે ઝડપાયેલા પ્રતિકની પુછતાછ કરતાં પ્રતિકે પોતાને આ દારૂ દમણના સંદીપ મણીલાલ હડપતીએ ભરી આપ્યાનું કહેતાં સંદિપની શોધખોળ થઇ રહી છે. પોલીસે કુલ ૯,૫૪,૧૮૪નો મુદ્દામાલ કબ્જે કરી સંદિપને શોધી કાઢવા તજવીજ શરૂ કરી હતી. દારૂ જૂગારની પ્રવૃતિ અટકાવવા ક્રાઇમ બ્રાંચની ટીમ પેટ્રોલીંગમાં હતી ત્યારે કોન્સ. વિશાલભાઇ દવે અને હેડકોન્સ. દિલીપભાઇ બોરીચાને બાતમી મળી હતી કે જુના મોરબી રોડના ખુણે આવેલા પટમાં એક શખ્સ દારૂનો જથ્થો ભરેલુ વાહન લઇને આવ્યો છે. આ બાતમી પરથી ટૂકડી ત્યાં પહોંચતા જીજે૦૩બીઝેડ-૪૭૬૭ નંબરનું મારૂતી કેરી માલવાહક વાહન જોવા મળતાં તેને કોર્ડન કરી લીધુ હતું. આ વાહનમાં બેઠેલા શખ્સની પુછતાછ કરતાં પોતાનું નામ પ્રતિક ખસીયા જણાવ્યું હતું.

ત્યારબાદ વાહનના ઠાઠામાં જોતાં પોલીસને અલગ અલગ બ્રાન્ડનો દારૂનો જથ્થો મળી આવ્યો હતો. જેની કિંમત ૬,૫૩,૧૮૪ ગણવામાં આવી હતી. પોલીસે ડીએસપી બ્લેક ડીલક્ષ વ્હીસ્કી ૧૮૦ એમએલની કુલ ૪૧ પેટીઓ ૧૯૬૮ બોટલો, જેની કિંમત રૂ. ૫,૬૬,૭૮૪ તથા રોયલ સ્ટેગ બેરેલ વ્હીસ્કીના ૧૮૦ એમએલના ચપલાની પાંચ પેટીઓ-૨૪૦ બોટલો, જેની કિંમત રૂ. ૮૬,૪૦૦ મળી કુલ ૨૨૦૮ વિદેશી દારૂની બોટલો કબ્જે કરવામાં આવી હતી. તેમજ ૩ લાખનું વાહન પણ જપ્ત કરાયું હતું. ઝડપાયેલા ડ્રાઇવર પ્રતિક ભરતભાઇ ખસીયાની પૂછપરછમાં તેણે જણાવ્યું હતું કે આ કેરી વાહન રાજકોટ ગ્રીનલેન્ડ ચોકડી ખાતે સંદીપ મણીલાલ હડપતી પોતાને આપી ગયો હતો.

દમણનો સંદિપ આ દારૂ ક્યાંથી લાવ્યો હતો અને ક્યાં ઉતારવાનો હતો કે કોને આપવાનો હતો તેની તેને ખબર ન હોવાનું જણાવ્યું હતું. વિશેષ પુછતાછ કરવા રિમાન્ડ મેળવવા તજવીજ થઇ રહી છે. પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઇમ જગદીશ બાંગરવા, એસીપી ક્રાઇમ ભરત બી. બસીયાની સુચના અંતર્ગત ઇન્સ. એમ.આર.ગોંડલીયા, એમ.એલ.ડામોર, સી.એચ.જાદવ તથા પીએસઆઇ વી.ડી.ડોડીયા, એએસઆઇ અમીતભાઇ અગ્રાવત, દિગ્પાલસિંહ જાડેજા તથા હેડકોન્સ. સંજયભાઇ રૂપાપરા, દિપકભાઇ ચૌહાણ, દિલીપભાઇ બોરીચા, રાજેશભાઇ જળુ, પ્રદિપસિંહ જાડેજા, જયરાજભાઇ કોટીલા, કોન્સ. વિશાલભાઇ દવેએ આ કામગીરી કરી હતી. સંદિપ પકડાયા બાદ હેરાફેરીની વધુ વિગતો સામે આવશે.

---

રાજકોટથી ભંગાર વીણવા મોરબી ગયો ત્યાં પગલુ ભરી લીધું

# ભંગારના ફેરિયાનો એસિડ પી આપઘાતનો પ્રયાસ

રાજકોટ, તા. ૨૯

પૈસાની ખેંચને લીધે માણસો આપઘાત કે આપઘાતનો પ્રયાસ કરતાં હોવાના બનાવો રોજીંદા છે. દરમિયાન એક વિચીત્ર કારણોસર એક યુવાને આપઘાતનો પ્રયાસ કર્યો છે. કુવાડવા રોડ પર સાત હનુમાન પાસે નવાગામમાં રહેતાં દેવજી ઉર્ફ દેવો રવજીભાઇ વાઘેલા નામના યુવાને મોરબીમાં આવેલા માળીયા ફાટક પાસે એસિડ પી લેતાં તેને સારવાર માટે રાજકોટ સિવિલ




હોસ્પિટલમાં ખસેડાયો છે. આ પગલુ તેણે એટલા માટે ભર્યુ હતું કે તેને માતાજીનો માંડવો કરવો હતો, ણ આ કાર્ય માટે પૈસા તેની પાસે નહોતાં!

વિગતો જોઇએ તો નવાગામ રહેતો દેવજી ઉર્ફ દેવો ગઇકાલે પોતાની પત્નિ સાથે ભંગાર વીણવા મોરબી તરફ ગયો હતો. જ્યાં માળીયા ફાટક પાસે તેણે એસિડ પી લેતાં મોરબી સારવાર અપાવી રાજકોટ ખસેડાતાં મોરબી બી-ડિવીઝન પોલીસને જાણ કરવામાં આવી હતી. આપઘાતનો પ્રયાસ કરનાર દેવો છ ભાઇ અને છ બહેનમાં નાનો છે અને તેને સંતાનમાં એક દિકરો તથા બે દિકરી છે. પોતે ભંગારની ફેરી કરે છે. તેણે રટણ કર્યુ હતું કે તેને કુટુંબીજનો સાથે મળીને મેલડી માતાજીનો માંડવો કરવાની માનતા લીધી હતી. પણ હાલમાં માંડવો કરવા માટે પૈસાની વ્યવસ્થા થઇ શકતી ન હોઇ જેથી તે ચિંતામાં રહેતો હતો. આ દરમિયાન મોરબીમાં ભંગાર વીણવા ગયો ત્યાં પણ પૈસાની ચિંતા થતાં એસિડ પી ગયો હતો. ખરેખર કયા કારણે દેવાએ આ પગલુ ભર્યુ? તેની તપાસ મોરબી પોલીસ હવે કરશે.

---

પોલીસ કહી કહીને થાકી જાય છે પણ લોકો જાગૃત થતાં નથી એટલે ફાવી જાય છે ગઠીયા

# SBIના અધિકારીના નામે વૃદ્ધ સાથે છેતરપિંડી

## ગઠીયાએ ક્રેડીટ કાર્ડ અપડેટ કરવાના નામે વ્હોટ્સએપમાં એપીકે ફાઇલ મોકલી ચાર ટ્રાન્જેકશનથી ઉસેડી લીધા પાંચ લાખઃ સાયબર ક્રાઇમ પોલીસે તપાસ આરંભી

રાજકોટ, તા. ૨૯

ઓનલાઇન સાયબર ગઠીયાઓ સતત લોકોને ફસાવી શિકાર કરી પોતાના ખિસ્સા ભરતા રહે છે. વધુ એક વખત બેંક અધિકારી, ક્રેડીટ કાર્ડ અપડેટના નામે ઠગાઇ થઇ છે. જેમાં રાજકોટ શહેરના સામા કાંઠે રહેતાં આધેડ છેતરાઇ ગયા છે. એસબીઆઇના ક્રેડીટ કાર્ડ વિભાગના અધિકારીના નામે તેમને ગઠીયાએ ફોન કરી કાર્ડ અપડેટ પ્રોસીઝરના નામે એપીકે ફાઇલ મોકલી ડાઉનલોડ કરાવડાવી ચાર ટ્રાન્જેકશનથી પાંચ લાખ જેવી રકમ ઉસેડી લીધી હતી.

વિગતો જોઇએ તો આ ઘટના શહેર સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં નોંધાઇ છે. ગઠીયાએ પોતે એસબીઆઇનો ક્રેડીટ કાર્ડ વિભાગનો ઓફિસર હોવાની ઓળખ આપી ક્રેડીટ કાર્ડ અપડેટ કરી આપવાના નામે વ્હોટસએપ પર એસબીઆઇ ક્રેડીટ કાર્ડ નામે એપીકે ફાઇલ મોકલી ડાઉનલોડ કરાવી અલગ અલગ ટ્રાન્જેકશન કરી રૂા. ૪,૯૧,૬૪૦ ઉપાડી લીધા હતાં. પેડક રોડ વિસ્તારમાં રત્નદિપ સોસાયટીમાં રહેતા અને છૂટક મજૂરી કામ કરીને ગુજરાન ચલાવતા પરેશભાઈ કેશુભાઈ અકબરીએ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ ગત તા. ૧૩ માચ ના રોજ સાંજે આશરે સાતેક વાગ્યાની આસપાસ તેમના મોબાઈલ નંબર ઉપર એક અજાણ્યા નંબર ૭૪૫૦૦-૮૨૪૯૨ પરથી ફોન આવ્યો હતો.

આ રીતે ફોન કરનારે પોતાને એસબીઆઇ ક્રેડિટ કાર્ડનો ઓફિસર ગણાવીને જણાવ્યું હતું કે-તમારું ક્રેડિટ કાર્ડ અપડેટ કરવું પડશે. હું તમને વીડિયો કોલ કરીને એક એપ્લિકેશન ડાઉનલોડ કરાવું તે તમે કરી લો. આ પછી ઠગે પરેશભાઈના વ્હોટ્સએપ નંબર પર એસબીઆઇ ક્રેડીટ કાર્ડ.એપીકે નામની એપીકે ફાઇલ મોકલી હતી. પરેશભાઈએ વિશ્વાસ કરીને તે એપ્લિકેશન ડાઉનલોડ કરી લીધી હતી અને તેમાં તેમના ક્રેડિટ કાર્ડના નંબર, સીવીવી નંબર સહિતની અંગત વિગતો ભરી દીધી હતી.વિગતો ભરતાની




સાથે જ પરેશભાઈના મોબાઈલમાં તેમના બેંક એકાઉન્ટમાંથી પૈસા કપાઈ ગયાના મેસેજ આવવાના શરૂ થઈ ગયા હતા. તપાસ કરતાં જાણવા મળ્યું કે તેમના એસબીઆઇ બેંક એકાઉન્ટમાંથી કુલ ચાર ટ્રાન્ઝેક્શન દ્વારા રૂા. ૪,૯૧,૬૪૦ની રકમ ડેબિટ થઈ ગઈ હતી.

આ ટ્રાન્ઝેકશનમાં નોર્થ દિલ્હી પાવર લિમિટેડપેમેન્ટ્સ માટે રૂા. ૨,૦૦,૬૧૦, ટોરેન્ટ પાવર ઇલેક્ટ્રિસિટી પેમેન્ટ્સ માટે રૂા.૧,૨૨,૫૧૦ અન્ય ટોરેન્ટ પાવર ઇલેક્ટ્રિસિટી પેમેન્ટ્સ માટે રૂા.૧,૧૩,૦૪૦ તેમજ ટોરેન્ટ પાવર ઇલેક્ટ્રિસિટી પેમેન્ટ્સ માટે રૂા. ૫૫,૪૮૦નો સમાવેશ થાય છે. પોતાની સાથે ઓનલાઈન ઠગાઈ થઈ હોવાનું ધ્યાને આવતા પરેશભાઈએ તાત્કાલિક સાયબર હેલ્પલાઇન નંબર ૧૯૩૦ પર કોલ કરીને ફ્રોડની વિગત આપી હતી. આ અંગેની તેમની અરજી પરથી ગુનો દાખલ થયો છે. સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશને અજાણ્યા વ્યક્તિ સામે બીએનએસ અને ઇન્ફોર્મેશન ટેકનોલોજી એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે. આ કેસમાં ક્રેડિટ કાર્ડની વિગતો અને એપીકે ફાઇલના ઉપયોગ દ્વારા ડેટા ચોરી અને નાણાકીય નુકસાન પહોંચાડવાનો ગુનો નોંધાયો છે.

ઠગાઇની આ ઘટનાને પગલે સાયબર ક્રાઇમ પોલીસે વધુ એક વખત લોકોને જાગૃત રહેવા સુચનો જારી કર્યા છે. પોલીસે જાહેર જનતાને અપીલ કરી છે કે, બેંક કે ક્રેડિટ કાર્ડ કંપનીના નામે આવતા કોઈપણ અજાણ્યા ફોન કોલ્સ પર વિશ્વાસ ન કરવો. ક્યારેય પણ ઓટીપી, સીવીવી, પિન કે અન્ય સંવેદનશીલ માહિતી શેર ન કરવી. ખાસ કરીને, અજાણ્યા સ્રોતમાંથી આવતી એપીકે ફાઇલો કે અન્ય કોઈ એપ્લિકેશન ડાઉનલોડ કરવી નહીં, કારણ કે તે તમારા મોબાઇલનો ડેટા ચોરી કરીને આર્થિક નુકસાન પહોંચાડી શકે છે. હેડકોન્સ. પ્રદિપભાઇ કોટડે ગુનો નોંધતા વધુ તપાસ પોલીસ ઇન્સ. જે. એમ. કૈલાએ તપાસના ચક્રો ગતિમાન કરી ગઠીયા સુધી પહોંચવા મહેનત શરૂ કરી છે.

**વિદેશમાં મોરેશિયસમાં મારા સારા કોન્ટેક્ટ છે, ત્યાં માલ મોકલવાથી મોટો નફો મળશે**

# વેપારીને લલચાવી સવા બે કરોડનો ચૂનો

## આર્થિક ગુના નિવારણની ટીમે તપાસ શરૂ કરી એક ગઠીયાને મુંબઇથી સાણસામાં લીધો

રાજકોટ, તા. ૨૯
ગામને છેતરી લેવાની તરકીબો ગઠીયા સારીપેઠે જાણતા હોય છે. ગમે તેમ કરીને તેઓ પોતાના ગજવા બીજાના રૂપિયાથી ભરી લેવામાં માહેર હોય છે. દરમિયાન સ્ક્રેપની ડીલના નામે વિદેશમાં વેપાર ફેલાવવાની લાલચ આપી બે કરોડ ઓગણીસ લાખની ઠગાઇનો કિસ્સો સામે આવ્યો છે. વેપારીને મોરેશિયસ ખાતે સ્ક્રેપ મોકલી મોટો નફો કમાવી આપવાની લાલચ આપી જાળમાં ફસાવાયા હતાં.

વિગતો પર નજર કરીએ તો આ બનાવ સુરતનો છે. આર્થિક ગુના નિવારણ શાખાએ સ્ક્રેપના માલના નામે ફરિયાદી પાસેથી કરોડો રૂપિયા લઈને માલ કે નાણાં પરત ન આપી છેતરપિંડીનો ગુનો દાખલ કર્યો છે. આ કેસમાં આરોપીઓએ ફરિયાદીને મોરેશિયસ સ્ક્રેપના નામે માર્કેટ કરતાં સારો માલ આપવાનો વિશ્વાસ આપીને બે કરોડ ઓગણીસ લાખ ચુમાલીસ હજાર બસ્સો ચૌદ રૂપિયાની ઠગાઇ કરી હતી. આરોપીઓ દ્વારા ફરિયાદી પાસેથી સ્ક્રેપનો માલ આપવાના બહાને મોટી રકમ મેળવી લેવામાં આવી હતી, પરંતુ તેમને ન તો માલ આપવામાં આવ્યો, ન તો તેમના નાણાં પરત કરવામાં આવ્યા. આ કેસમાં ફરિયાદી સુજીતકુમાર રામેશ્વર-સાદ ગુપ્તાની ફરિયાદના આધારે પોલીસે કાર્યવાહી હાથ ધરી છે. આરોપીઓએ ફરિયાદી સાથે કુલ રૂપિયા ૨,૧૯,૪૪,૨૧૪ની છેતરપિંડી કરીને આર્થિક નુકસાન પહોંચાડ્યું હોવાનું બહાર આવ્યું છે.

પોલીસ સુત્રોના કહેવા મુજબ મુખ્ય આરોપી અરુણ મખ્ખનલાલ અગ્રવાલ સહિત અન્ય બે આરોપીઓ નીલમણી વિશ્વનાથ શ્રીવાસ્તવ અને સંદિપ લક્ષ્મણ શિરોડકરે સાસ ઓવરસીઝ અને રેડીયન્ટ ઓવરસીઝ લિમીટેડ નામની ફર્મોની માહિતી આપીને ફરિયાદીનો વિશ્વાસ જીત્યો હતો. તેમણે ફરિયાદીને ભારતીય તેમજ મોરેશિયસ સ્ક્રેપનો માલ માર્કેટ કરતાં સારા ભાવે આપવાનું વચન આપ્યું હતું. આ માટે તેમણે એડવાન્સ પેમેન્ટની માંગણી કરી હતી. આરોપીઓએ વિવિધ તબક્કામાં ફરિયાદી પાસેથી બેંક મારફતે કુલ ૨,૧૯,૪૪,૨૧૪ની માતબર રકમ મેળવી લીધી હતી.

ત્યારબાદ આરોપીઓએ ફરિયાદીને વિશ્વાસમાં લેવા માટે શરૂઆતમાં ૨,૦૧,૬૫,૪૪૩ મેળવ્યા હતા, જેમાંથી માત્ર ૧,૬૪,૭૮,૮૨૬નો ભારતીય સ્ક્રેપનો માલ આપ્યો હતો અને બાકીના ૩૬,૮૬,૬૧૭નો માલ આપ્યો ન હતો. ત્યારબાદ વધુ સારા ડીલનું બહાનું આપીને વધુ ૭૧,૧૮,૧૦૦ મેળવ્યા હતા. કુલ ૧,૦૮,૦૪,૭૧૭ મેળવ્યા બાદ, તેઓએ માલ ન આપીને માત્ર ૨૬,૦૦,૦૦૦ રોકડા પરત કર્યા હતા. અંતે, તેઓએ મોરેશિયસ સ્ક્રેપના નામે કુલ ૫,૮૦,૦૦૦ યુએસડી (જે ભારતીય ચલણ મુજબ ૪,૮૪,૩૦,૦૦૦ થાય છે) મેળવ્યા. લાંબી ઉઘરાણી બાદ માત્ર ૪,૩૯,૭૧૦.૧૫ યુએસડી (ભારતીય ચલણ મુજબ ૩,૪૬,૯૦,૫૦૩) નો માલ આપ્યો. આ રીતે કુલ ૨,૧૯,૪૪,૨૧૪ની છેતરપિંડી કરવામાં આવી હતી. ડી.સી.બી. પોલીસ સ્ટેશનમાં નોંધાયેલી ફરિયાદના આધારે, આર્થિક ગુના નિવારણ શાખાએ મુખ્ય આરોપી અરુણ મખ્ખનલાલ અગ્રવાલની મુંબઈથી ધરપકડ કરી છે.




**સુથારી કામના કારીગરે જ્યાં કામ કર્યુ એ વેપારીના ઘરમાંથી જ કર્યો ૨૧ લાખનો હાથફેરોઃ પણ કારીગીરી ઉઘાડી પડી જતાં પકડાઇ ગયો**

આરોપી અરુણ અગ્રવાલ બોરીવલી ઈસ્ટ, મુંબઈનો રહેવાસી છે. રિમાન્ડ પર લઇ વિશેષ વિગતો ઓકાવવા તપાસ આગળ ધપાવાઇ છે.

આરોપીઓ દ્વારા આચરેલી આ મોટી નાણાકીય છેતરપિંડીમાં અન્ય કેટલા લોકો સંડોવાયેલા છે અને આ સમગ્ર રેકેટ કેવી રીતે ચાલતું હતું, તે જાણવા માટે પોલીસ દ્વારા કેસની ડાણપૂર્વક તપાસ ચાલુ છે. આરોપીઓએ માલ કે પૈસા પરત ન આપીને ફરિયાદી સાથે વિશ્વાસઘાત કર્યો છે. ૨૭ષ દ્વારા આર્થિક ગુનાઓ પર કડક કાર્યવાહીના ભાગરૂપે આ ધરપકડ કરવામાં આવી છે, જેથી ભવિષ્યમાં આવા ગુનાઓ અટકાવી શકાય.

ચોરીની એક ઘટના જોઇએ તો સુથારી કામના કારીગરે વેપારીના ઘરમાં જ કારીગીરી કરી હતી અને ત્રેવીસ લાખની મત્તા ચોરી લીધી હતી. વિગતો જોઇએ તો દરિયાપુર વિસ્તારમાં લુણસાવાડ ખાતે રહેતા વેપારી નવા મકાનનું વાસ્તુ પૂજન કરવા માટે ગયા હતા અને મકાનની બારીથી પ્રવેશ કરીને આરોપીએ મકાનમાંથી રોકડા ૧૨ લાખ અને સોનાના દાગીના સહિત રૂપિયા ૨૩.૧૦ લાખના મુદ્દામાલની ચોરી કરી હતી. દરિયાપુર પોલીસે આરોપી સુથારને સીસીટીવી ફૂટેજ આધારે આરોપીને પકડયો હતો. દરિયાપુરમાં લુણસાવાડમાં રહેતા યુવકે દરિયાપુર પોલીસ સ્ટેશનમાં અજાણી વ્યકિત સામે ફરિયાદ નોધાવી છે કે તેઓ જગતપુર ગામમાં નવા મકાનમાં વાસ્તુ પૂજને હોવાથી પરિવાર સાથે ત્યાં ગયા હતા અને બે દિવસ પછી સર સમાન લેવા માટે ઘરે આવ્યા ત્યારે મકાનની બારીમાંથી પ્રવેશીને મકાનમાંથી રોકડા રૂપિયા ૧૨ લાખ અને સોનાના દાગીના સહિત કુલ ૨૩.૧૦ લાખની મતાની ચોરી થઇ હતી. આ ગુનાનો ભેદ ઉકેલવા પોલીસે સીસીટીવી ફૂટેજ આધારે શાહીબાગમાં અક્ષરધામ ટાવરમાં રહેતા અને સુથારી કામ કરતા જીતેન્દ્રને પકડી પાડીને તેની પાસેથી રૂપિયા ૧૩,૬૫,૫૦૦નો મુદ્દામાલ કબજે કર્યો હતો. દરિયાપુર પોલીસ સ્ટેશનના ઇન્સ. આર.જી.દેસાઇના જણાવ્યા મુજબ આરોપીએ તેમના મકાનમાં સુથારી કામ કર્યુ હોવાથી પરિચીત હતો બીજીતરફ વેપારી તેને નવા મકાનના વાસ્તું પૂજનમાં આમંત્રણ આપ્યું હતું. જેને લઇને બે દિવસ મકાન બંધ હોવાની જાણના કારણે તેને ચોરી કરી હોવાની કબુલાત કરી હતી. પૈસાની જરૂર હોઇ જેથી ચોરી કર્યાનું રટણ આ કારીગરે કર્યુ હતું.

# રાજકોટમાં ૩૭ હજાર ભૂતિયા નળ જોડાણ

## ૨૬૩ કરોડનો વેરો 'પાણીમાં'! : વોટરવર્ક્સ-વેરા વસુલાત શાખાના સંકલનના અભાવે મોટું આર્થિક નુકસાન

રાજકોટ, તા. ૨૯
એક તરફ રાજકોટમાં આવેલી કેન્દ્ર અને રાજ્ય સરકારની વીસ જેટલી સરકારી કચેરીઓ પાસેથી રૂપિયા ૧૦૦ કરોડનો બાકી વેરાની વસુલાત કરવા મહાનગરપાલિકાની વેરા વસુલાત શાખા દ્વારા મિટિંગનો દોર શરૂ થયો છે ત્યારે બીજી તરફ શહેરના ૩૭ હજાર ભૂતિયા નળ જોડાણોને કારણે મહાનગરપાલિકાને આર્થિક નુક્સાન સહન કરવું પડે તેવી સ્થિતિ ઊભી થતાં હવે સરનામા મળતા નથી તેવા કારણસર આપી ₹ ૨૬૩ કરોડ જેવી તોતિંગ રકમની માંડવાળ કરવાની તૈયારી શરૂ કરી દેવામાં આવી હોવાનું સૂત્રોએ કહ્યું હતું

રાજકોટમાં ૨૦૧૮મા કાર્પેટ એરિયા આધારિત મિલકત વેરો વસૂલવા નું શરુ કરાયું ત્યારે મિલકત વેરાની સાથે પાણી વેરાની પણ વસુલાત એક સાથે થાય તે માટે વેરા બિલમાં મિલકત વેરો અને પાણી વેરો સાથે આપવાની શરૂઆત કરવામાં આવી હતી.

પણ શહેરમાં અનેક સ્થળોએ મિલકત વેરાની રકમ કરતાં પાણી વેરાની રકમ અનેક ગણી આપવામાં આવતા જે તે સમયે દેકારો બોલી ગયો હતો. ત્યારે ખબર પડી હતી કે, મોટા ભાગના સ્થળો એવા છે કે જ્યાં મુળ આસામીને બદલે બીજા કોઈ રહે છે. અનેક લોકો સ્થળાંતર કરી અન્યત્ર રહેવા જતા રહ્યા છે. અને તેઓએ મિલકતમાં નામ ટ્રાન્સફર કરાવ્યું છે પણ નળ જોડાણમાં નહીં.

જ્યારે રાજકોટ મહાનગરપાલિકા માત્ર એક જ સ્થળે હાલના સેન્ટ્રલ ઝોનમાં કામ કરતી હતી ત્યારે ડિજીટલ યુગની શરૂઆત થઈ નહોતી. આ સમયે હાથેથી લખેલા કે ટાઈપ કરેલા મિલકત વેરા બિલ મળતા હતા. આ વખતે પાણી વેરાના બિલ અલગથી મળતા હતા અને તેની વસુલાતની જવાબદારી વોટર વર્ક્સ ડિપાર્ટમેન્ટની હતી.

સમયાંતરે શહેરના વિકાસ સાથે શહેરીજનોને ઘર આંગણે સુવિધા મળે તે માટે વેસ્ટ ઝોન અને ઈસ્ટ ઝોન એમ બે વધારાની ઝોન કચેરી શરૂ થઈ. આથી વોટર વર્ક્સ વિભાગ ઝોન વિસ્તારો મુજબ કામગીરીનાં પોટલાં સાથે લેતી ગઇ હતી. પણ, ડિજીટલ યુગની શરૂઆત થઈ એ પછી નળ જોડાણ નું લીસ્ટ કમ્પ્યુટરાઈઝ્ડ કરવામાં આવ્યું નહોતું. આથી જ્યારે ૨૦૧૮ માં કાર્પેટ એરિયા આધારિત મિલકત વેરો વસૂલવા નું શરુ થયું તેની સાથે નળ જોડાણ લિંક અપ કરવા વેરા વસુલાત શાખાએ જ્યારે વોટર વર્ક્સ વિભાગ પાસે ડેટા માગ્યો ત્યારે કમ્પ્યૂટરાઈઝ્ડ કે મેન્યુઅલ ડેટા નહીં હોવાનું કહી વોટર વર્ક્સ વિભાગે જે થોડા ઘણાં ડેટા હાથવગાં હતાં એ વેરા વસુલાત શાખાને મોકલી "સળગતું ઘર કૃષ્ણાર્પણ " કરી દીધુ હતું

વેરા વસુલાત શાખાને જે ડેટા મળ્યા એ આધારે મિલકત વેરાની બજવણી સાથે નળ જોડાણની ખરાઈ કરવામા આવી ત્યારે મિલકત વેરો ભરનાર આસામી અને દ્વારા જુનાં સરનામા આધારે પાણી વેરો ભરનારા આસામી બન્ને અલગ અલગ હોવાનું જોવા મળ્યું હતું.

મહાનગરપાલિકાની વેરા વસુલાત શાખા છેલ્લા છ વર્ષથી નળ જોડાણ લેનાર અને અગાઉ પાણી વેરો ભરનારા આસામીઓના નામ સરનામા ગોતે છે પણ તેમના નામ સરનામા પર કોઈ અત્તો પત્તો મળતો નથી. આવાં સરનામા પર એવાં આસામીઓ રહે છે કે જેના નળ જોડાણ વેરા બિલ સાથે લિંક અપ છે. પરિણામે વેરા વસુલાત શાખાને નળ જોડાણોનો તાળો મેળવવો લોઢાના ચણા ચાવવા જેવું બની ગયું છે.

### જૂના રાજકોટમાં વધુ પ્રશ્ન

વેરા વસુલાત શાખાના કહેવા મુજબ રાજકોટમાં જેટલા નળ જોડાણ છે તેમાં થી ૩૭ હજાર જોડાણનો તાળો મળતો નથી. આ ભૂતિયા નળ જોડાણનો બાકી વેરો ₹ ૨૬૭ કરોડ જેટલો છે. જે ભૂતિયા નળ જોડાણની સમસ્યા વધુ છે તેમાં જૂના રાજકોટના અનેક વિસ્તારો છે.



**ક્રોધની આગમાં તપતાં માણસને બીજાનો જીવ લઇ લેતાં જરાય નથી થતો ખચકાટઃ વધુ બે હત્યા**

# માતાના પ્રેમીએ સગીરનું ઢાળી દીધું ઢીમ

## હત્યા કરી દોરી બાંધી લાશ કૂવામાં નાંખી દીધીઃ ગૂમ થયેલા સગીરની લાશ મળી તેની સાથે ખળભળાટ મચાવતી હકિકત ખુલી


## હત્યાનો ભોગ બનનારની વિધવા માતા સાથે સગામાં જ થતાં શખ્સને પ્રેમ હોઇ તેની જાણ સગીરને થઇ જતાં જીવ લઇ લેવાયો

રાજકોટ, તા. ૨૯
હત્યાની અને હત્યાના પ્રયાસની ઘટનાઓ રોજબરોજ બનતી રહે છે. વધુ આવા બે કિસ્સા સામે આવ્યા છે. જેમાં એક સગીરની પારિવારીક મિત્રએ જ હત્યા કરી લાશ કુવામાં ફેંકી દીધી હતી. માતા સાથેના પ્રેમસંબંધ મામલે ચાલતી માથાકુટ સગીરની હત્યાનું કારણ બની હતી. બીજી ઘટનામાં અંગત અદાવતને કારણે યુવાનને તેના જ પરિચીતોએ છરીના ઘા ઝીંકી મોતને ઘાટ ઉતારી દીધો હતો.

હત્યાની પ્રથમ ઘટના જોઇએ તો ભાવનગરના મહુવામાં સત્તર વર્ષિય સગીરની પારિવારિક મિત્રએ હત્યા કરી લાશને માલણ નદીના કિનારે અવાવરૂ જગ્યામાં કુવામાં ફેંકી દીધાંનો ચકચારી બનાવ -કાશમાં આવ્યા છે. માતા સાથે પ્રેમસંબંધ મામલે સગીરને શખ્સ સાથે ચાલતી તકરાર મુદ્દે હત્યા કરવામાં આવી હતી. આ મામલે મૃતકના કાકાએ મહુવા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આગળની કાર્વયાહી હાથ ધરી હતી. વિશેષ માહિતી જોઇએ તો મહુવામાં રહેતા સત્તર વર્ષના ઉવેશ સલીમભાઈ કાળવાતર સાંજ સુધી ઘરે પરત નહી આવતા પરિવારના સભ્યોએ શોધખોળ શરૂ કરી હતી પરંતુ ઉવેશની ભાળ નહી મળતા મહુવા પોલીસ મથકમાં ગુમ થયાંની અરજી લખાવી હતી. તેમજ સગીરના પરિવારના સભ્યો દ્વારા અલગ-અલગ સીસીટીવી કેમેરા ચેક કરતા છેલ્લે ઉવેશ પારિવારિક મિત્ર હસન શબ્બીરભાઈ સલાટ સાથે જોવા મળ્યો હતો.

આ પછી પોલીસે હસનને ઉવેશ અંગે પુછતા તેણે સરખા જવાબ આપ્યા નહોતા. જે અંગે પોલીસને પણ જાણ કરવામાં આવી હતી. જે બાદ પોલીસ તપાસમાં હસન શબ્બીરભાઈ સલાટે સાંજે ઉવેશ સાથે ઝઘડો થતાં નૂર સોસાયટીના પાછળના ભાગે માલણ નદીના કિનારે અવાવરૂ જગ્યાએ આવેલા કુવા પાસે ઉવેશની હત્યા કરી તેના મૃતદેહને કુવામાં નાખી દીધો હતો. આ અંગે મૃતકના કાકા ઈરફાનભાઈ ઉસ્માનભાઈ કાળવાતરે મહુવા પોલીસ મથકમાં હસન શબ્બીરભાઈ સલાટ વિરૂદ્ધ ફરિયાદ નોંધાવી હતી. જેમાં ઉવેશના પિતા બે વર્ષ પૂર્વે મૃત્યું પામ્યા હોઇ અને ઉક્ત હસનભાઈના ઘર સાથે તેમને પારિવારિક સંબંધ હોવાથી અવારનવારા ઉવેશના ઘરે આવતા હતા. પોતાની માતા અને હસનભાઈ વચ્ચેના પ્રેમસંબંધની જાણ ઉવેશને થતાં ઉવેશની હસનભાઈ સાથે તકરાર ચાલતી હતી.

આ કારણે હસને ઉવેશભાઈને ભાદ્રોડના જાપે બોલાવી ત્યાંથી માલણ નદીના કિનારે લઈ જઈ હત્યા કરી હતી. આ અંગે મહુવા પોલીસે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી હતી. માલણ નદીના કિનારે હસન સલાટે માથાના ભાગે ગંભીર ઈજા પહોંચાડતા ઉવેશ બેભાન જેવો થઈ ગયો હતો અને પોતાની પાસે રહેલી દોરીથી ઉવેશને બાંધીને કુવામાં ફેંકી દીધો હતો. લાશ તરીને ઉપર ના આવે તે માટે લાશને દોરી વડે બાંધીને કુવામાં ફેંકી હતી, પરંતુ તેનો આ પ્લાન નિષ્ફળ રહ્યો હતો. અંતે પોલીસે ભેદ ઉકેલી હત્યારાને સકંજામાં લેવાની તજવીજ કરી હતી.



**હત્યાની બીજી ઘટનામાં જુની અદાવતમાં યુવાનને છરીના ઘા ઝીંકી તેના જ બે પરીચીતોએ રહેંસી નાંખ્યો**

હત્યાની બીજી ઘટના સુરત શહેરના પાંડેસરા વિસ્તારમાં આવેલી આવિર્ભાવ સોસાયટી પાસે મોડી રાત્રે એક ચકચારી હત્યાનો બનાવ બન્યો છે, જ્યાં સુભાષ સુરેશ લાંડગે નામના એક યુવકની તીક્ષ્ણ ચપ્પુના ઘા ઝીંકીને ઘાતકી હત્યા કરવામાં આવી છે. ઘટનાની જાણ થતાં ઉચ્ચ પોલીસ અધિકારીઓ પણ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. આ બનાવમાં સંડોવાયેલા બે આરોપીઓ, ધીરજ ઉર્ફે કડવા રમેશચંદ્ર ઉપાધ્યાય અને અક્ષય સંજય કામતને ઝડપી પાડવામાં આવ્યા હતાં. પ્રાથમિક માહિતી અનુસાર આ દુર્ઘટના મનપાની સ્કૂલ નજીક આરોપીઓ અને મૃતક સુભાષ લાંડગે વચ્ચે થયેલી બોલાચાલી બાદ બની હતી. આ બોલાચાલીએ ઉગ્ર સ્વરૂપ ધારણ કરતા આરોપીઓએ તરત જ યુવક પર ચપ્પુ વડે હુમલો કર્યો હતો, જેના પગલે યુવકનું ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું.

ઘટનાની જાણ થતાં જ પાંડેસરા પોલીસનો કાફલો તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયો હતો. પોલીસે મૃતદેહનો કબજો મેળવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસના -ાથમિક અનુમાન મુજબ આ હત્યા પાછળનું કારણ જૂની અદાવત હોઈ શકે છે. મૃતક સુભાષ લાંડગે અને આરોપીઓ વચ્ચે અગાઉ કોઈ બાબતે વિવાદ ચાલતો હોવાની શંકા છે, જેના કારણે બોલાચાલી થતાં મામલો હત્યા સુધી પહોંચ્યો. જોકે, હત્યાનું ચોક્કસ કારણ અને આરોપીઓની ઓળખ તથા ધરપકડ અંગેની વધુ વિગતો પોલીસની ડી તપાસ બાદ જ સામે આવશે.